અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ ઓક્ટોબર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૧૪ | અંક : ૧૦૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## મહારાષ્ટ્ર-ઝારખંડ વિધાનસભા ચૂંટણીની જાહેરાત

### મહારાષ્ટ્રમાં ૨૦મી નવેમ્બરે મતદાન, ૨૩મીએ મતગણતરી

### ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ઝારખંડમાં બે તબક્કામાં મતદાન થશે પ્રથમ તબક્કાનું મતદાન ૧૩મી નવેમ્બરે અને બીજા તબક્કાનું મતદાન ૨૦મી નવેમ્બરે થશે

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૧૫ ।

મહારાષ્ટ્ર અને ઝારખંડ ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે, કેન્દ્રીય ચૂંટણી પંચે આજે બન્ને રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આજે બપોરે પ્રેસ કૉન્ફરન્સ કરીને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટેની તારીખોની જાહેરાત કરી દીધી છે. આ વખતે મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાશે, આગામી મહિને ૨૦મી નવેમ્બરે મતદાન યોજાશે અને ૨૩મી નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.મુખ્ય ચૂંટણી પંચે પ્રેસ કૉન્ફરન્સમાં તાજેતરમાં યોજાયેલી જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં ઊંચા મતદાન માટે મતદારોને અભિનંદન પાઠવ્યા હતા. તેમને કહ્યું કે જમ્મુ-કાશ્મીરના જનાદેશે નવી આશાનો સંચાર કર્યો છે. જમ્મુ-કાશ્મીરમાં પુનઃમતદાનની જરૂર ના પડી, મતદારોએ લોકતંત્રને વધુ મજબૂત બનાવ્યું છે. જમ્મુ-કાશ્મીરની જનતાએ નાપાક ઈરાદાઓ નિષ્ફળ બનાવ્યા છે.



મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે, મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં મતદાન થશે. ૨૦મી નવેમ્બરે મતદાન થશે અને તેનું પરિણામ ૨૩મી નવેમ્બરે આવશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ઝારખંડમાં બે તબક્કામાં મતદાન થશે. પ્રથમ તબક્કાનું મતદાન ૧૩મી નવેમ્બરે અને બીજા તબક્કાનું મતદાન ૨૦મી નવેમ્બરે થશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે ભારત દરેક ચૂંટણીમાં નવો ઈતિહાસ રચી રહ્યું છે. મહારાષ્ટ્રમાં ૫૨૭૮૯ સ્થળોએ ૧૦૦૧૮૬ મતદાન મથકો, કુલ મતદારો - ૯.૬૩ કરોડ. ઝારખંડમાં ૮૧ બેઠકો, ૨.૬ કરોડ મતદારો, પ્રથમ વખત મતદારો - ૧૧.૮ લાખ. ૨૦૨૮૧ સ્થળોએ ૨૯૫૬૨ મતદાન મથકો.મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે, "મહારાષ્ટ્રમાં કુલ મતદારોની સંખ્યા ૯.૬૩ કરોડ છે, જેમાંથી ૪.૯૭ કરોડ પુરૂષ અને ૪.૬૬ કરોડ મહિલા મતદારો છે. પ્રથમ વખત મતદારોની સંખ્યા ૨૦.૯૩ લાખ છે. અહીં ૧,૦૦,૧૮૬ મતદાન મથકો છે. મહારાષ્ટ્ર આ વખતે પણ અમ ઁઉ્ઠ અને મહિલાઓ દ્વારા સંચાલિત બૂથ સ્થાપિત કરીશું. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે, "ઝારખંડમાં કુલ મતદારોની સંખ્યા ૨.૬ કરોડ છે, જેમાંથી ૧.૨૯ કરોડ મહિલા અને ૧.૩૧ કરોડ પુરૂષ મતદારો છે. પ્રથમ વખત મતદારોની સંખ્યા ૧૧.૮૪ લાખ છે. ત્યાં ૨૯,૫૬૨ મતદાન મથકો હશે. ઝારખંડમાં"આ પહેલા સવારે ચૂંટણી પંચે એક પત્ર જાહેર કરીને કહ્યું હતું કે, રાજધાની દિલ્હીના વિજ્ઞાન ભવનમાં બપોરે ૩.૩૦ વાગ્યે એક પ્રેસ કૉન્ફરન્સ યોજાશે, જેમાં ચૂંટણીની તારીખ અને મત ગણતરીની તારીખની પણ જાહેરાત કરવામાં આવશે.મહારાષ્ટ્રની વાત કરીએ તો અહીં વિધાનસભાના ૨૮૮ સભ્યોને ચૂંટવા માટે મતદાન થવાનું છે. રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીઓ ઓક્ટોબર ૨૦૧૯ માં યોજાઈ હતી, જેમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના જોડાણ એનડીએને સરકાર બનાવવા માટે સ્પષ્ટ બહુમતી મળી હતી, પરંતુ આંતરિક વિખવાદને કારણે, શિવસેના ગઠબંધન (NDA) છોડીને રાષ્ટ્રવાદીમાં જોડાઈ હતી. કોંગ્રેસ પાર્ટીએ સાથે મળીને નવું ગઠબંધન કર્યું. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પણ MVA માં જોડાઈ અને અહીં રાજ્ય સરકારની રચના કરી, જેમાં ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી બન્યા. ૨૦૨૨ માં મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ પછી એકનાથ શિંદેએ ૪૦ ધારાસભ્યો સાથે ભાજપ સાથે સરકાર બનાવી. જે બાદ એકનાથ શિંદે નવા મુખ્યમંત્રી બન્યા. ૨૦૨૩ની રાજકીય કટોકટી પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો અજિત પવાર જૂથ પણ સરકારમાં જોડાયું. મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રમાં ૨૬ નવેમ્બરે અને ઝારખંડમાં ૨૯ ડિસેમ્બરે સરકારનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે.

### સીનિયર નેતા શરદ પવારનું નિવેદન

## મેં ૬૦ વર્ષોથી એક પણ રજા લીધી નથી અને મેં ૧૪ વખત ચૂંટણી લડી : શરદ પવાર

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।



મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણીની જાહેરાત વચ્ચે સીનિયર નેતા શરદ પવારનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે ભલે મારી ઉંમર ૮૪ વર્ષ છે, પરંતુ હું રોકાવાનો નથી. એટલું જ નહીં ભલે મારી ઉંમર ૯૦ વર્ષ થઈ જાય પરંતુ હું આ રીતે કામ કરતો રહીશ. શરદ પવારનું કહેવું છે કે તે મહારાષ્ટ્રને યોગ્ય માર્ગે લાવીને જ રહેશે અને આ માટે દરેક સમયે કામ કરશે. તેમનો ઈશારો અજીત પવાર તરફ હતો. શરદ પવાર હાલ એનસીપી-એસપીના નેતા છે. તેમણે આ નવી પાર્ટી ત્યારે બનાવવી પડી હતી જ્યારે ગયા વર્ષે અજીત પવાર બળવો કરી અલગ થઈ ગયા હતા. શરદ પવારે એક કાર્યક્રમ દરમિયાન મહારાષ્ટ્ર સરકાર તરફથી જાહેર લાડકી બહેન યોજના પર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે 'બહેન તો બારામતીમાં પણ હતી પરંતુ ત્યાં તેમની સામે ચૂંટણી લડવામાં આવી. પહેલા તો બહેન વિરુદ્ધ ચૂંટણી પ્રચાર થયો અને લડત કરવામાં આવી. તે બાદ જ્યારે લોકસભા ચૂંટણીના પરિણામ આવ્યા તો તે બહેનને યાદ કરવા લાગ્યા. અમારી સામે સવાલ એ છે કે આખરે મહારાષ્ટ્ર કોના હાથમાં રહેવું જોઈએ. આ સામાન્ય લોકોના હાથમાં રહે કે પછી કોઈ અન્યને કમાન મળે.પવારે કહ્યું કે તમે જ્યારે પણ સમાચાર પત્ર ખોલો છો તો એક નવી સ્કીમ વાંચો છો. ક્યારેક તે બહેનો વિશે હોય છે. દરેક બહેનનું સન્માન કરે છે. પરિવારમાં તે સૌથી મહત્ત્વની હોય છે અને તેનું સન્માન કરવાથી તમામને ખુશી મળે છે પરંતુ મહત્ત્વનું એ છે કે ગત ૧૦ વર્ષોમાં બહેનોને યાદ કરવામાં આવી નથી. દેવેન્દ્ર ફડણવીસના સમયમાં સમગ્ર ૫ વર્ષ વીતી ગયા અને બહેનોની યાદ આવી નહીં. તે બાદ પણ બહેનોને યાદ કરવામાં આવ્યા નહીં. તેમની યાદ તે સમયે આવી, જ્યારે લોકસભા ચૂંટણીમાં ૪૮માંથી ૩૧ બેઠકો મહાવિકાસ અઘાડીએ જીતી લીધી. સામાન્ય જનતા આ નેતાઓથી વધુ તેજ છે. બારામતીમાં પણ એક બહેન સામે ચૂંટણી જંગ હતો પરંતુ જનતાએ બહેનનો સાથ આપ્યો. આ દરમિયાન શરદ પવારે પોતાના અડગ રહેવાની વાત પણ કહી. તેમણે કહ્યું કે ભલે હું ૯૦ વર્ષનો થઈ જાવ, પરંતુ આવા જ કામ કરતો રહીશ. મેં ૬૦ વર્ષોથી એક પણ રજા લીધી નથી. મેં ૧૪ વખત ચૂંટણી લડી. ૭ વખત લોકસભા ઈલેક્શનમાં ઉતર્યો અને એટલી જ વખત વિધાનસભામાં લડ્યો. તમારા લોકોની સેવામાં મે એક પણ રજા આજ સુધી લીધી નથી.

### ન્યૂઝ બ્રિફ

#### મહારાષ્ટ્રમાં ચૂંટણી પહેલા અજિત પવારને મોટો ઝટકો

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૧૫ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે. આ દરમિયાન અજિત પવારની ફ્રઝ્રૅને મોટો ઝટકો લાગ્યો છે. પક્ષના બે મોટા નેતાઓ સંજીવરાજે નાઈક નિમ્બાલકર અને દીપક ચવ્હાણે રાજીનામું આપી દીધું છે. આ બંને નેતાઓ શરદ પવારની ફ્રઝ્રૅમાં જોડાયા છે. દીપક ચવ્હાણ ફલટન બેઠકથી ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. જ્યારે સંજીવરાજે નાઈક નિંબાલકર સતારા જિલ્લા પરિષદના પૂર્વ પ્રમુખ રહી ચૂક્યા છે.ચૂંટણી પંચે આજે (૧૫મી ઓક્ટોબર) મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર કરી છે. જેમાં ૨૦મી નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થશે અને ૨૩મી નવેમ્બરે મતગણતરી થશે. મહારાષ્ટ્રમાં વિધાનસભાના ૨૮૮ સભ્યોને ચૂંટવા માટે મતદાન થવાનું છે. રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીઓ ઓક્ટોબર ૨૦૧૯માં યોજાઈ હતી. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ના વડા શરદ પવારનું નિવેદન સામે આવ્યું છે.

## ખાદ્યપદાર્થોમાં થૂંક ભેળવનારા સાવધાન, યોગી સરકાર લાવી રહી છે વટહુકમ

### સીએમ યોગી આદિત્યનાથ પોતે આવા મામલાઓને રોકવા માટે અધિકારીઓ સાથે બેઠક કરશે

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૫ ।

યુપીમાં ખોરાકમાં થૂંક ભેળવવાની સતત ઘટનાઓ બાદ યોગી સરકાર આવી બાબતોને લઈને કડક બની છે. સરકાર આવી ઘટનાઓને રોકવા માટે વટહુકમ લાવવાની તૈયારી કરી રહી છે. સીએમ યોગી આદિત્યનાથ પોતે આવા મામલાઓને રોકવા માટે અધિકારીઓ સાથે બેઠક કરશે. એવું માનવામાં આવે છે કે બેઠકમાં યોગી સરકાર 'પ્રિવેન્શન ઓફ સ્યુડો એન્ડ એન્ટી કરેક્શનલ એક્ટિવિટીઝ એન્ડ પ્રોહિબિશન ઓફ સ્પીટિંગ ઓર્ડિનન્સ ૨૦૨૪' અને 'યુપી પ્રિવેન્શન ઓફ કન્ટેમિનેશન ઈન ફૂડ (કન્ઝ્યુમર રાઈટ ટુ નો) ઓર્ડિનન્સ ૨૦૨૪'ને મંજૂરી આપી શકે છે. યોગી સરકાર આ બાબતો પર કડક કાર્યવાહી માટે કાયદો બનાવવાની તૈયારી કરી રહી છે. આ અંગે ટૂંક સમયમાં વટહુકમ લાવવામાં આવી શકે છે. આમાં ખોરાકમાં થૂંક ભેળવવા અથવા તેના પર થૂંક સાથે ભોજન પીરસવા પર કડક સજાની જોગવાઈ હોઈ શકે છે. વટહુકમમાં દરેક વ્યક્તિને તેના ખોરાક વિશે સંપૂર્ણ માહિતી મેળવવાનો અધિકાર પણ આપવામાં આવી શકે છે.

## ચૂંટણી પૂર્વે અપાતી ફ્રી યોજનાઓ લાંચ જેવી : SCમાં અરજી

### ચૂંટણી પહેલા મફત યોજનાઓની જાહેરાતને લાંચરુશ્વત તરીકે જાહેર કરવી જોઈએ મતદારને લાંચની લાલચ આપવાનો આ એક પ્રકાર છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ચૂંટણી પંચ આજે મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણીની તારીખોની જાહેરાત કરવા માં આવી છે. તેના અગાઉ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજી પર સુનાવણી કરતા ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેંચે કેન્દ્ર અને ચૂંટણી પંચને નોટિસ પાઠવી છે અને અરજીને પેન્ડિંગ કેસ સાથે ટેગ પણ કરી છે. કર્ણાટકના રહેવાસી શશાંક જે શ્રીધરે પોતાની અરજીમાં કહ્યું કે ચૂંટણી પહેલા મફત યોજનાઓની જાહેરાતને લાંચરુશ્વત તરીકે જાહેર કરવી જોઈએ. મતદારને લાંચની લાલચ આપવાનો આ એક પ્રકાર છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે મફત યોજનાથી સરકારી તિજોરી પર મોટો બોજ પડે છે. રાજકીય પક્ષો ઘણીવાર આવી મફત યોજનાઓની જાહેરાત કરે છે અને તેઓ તેનો અમલ કેવી રીતે કરશે તે પણ જણાવતા નથી.અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પારદર્શિતાનો અભાવ આવા વચનોની પરિપૂર્ણતાને સક્ષમ કરતું નથી. જેના કારણે મતદારો સાથે છેતરપિંડી થાય છે.



અરજદારે કહ્યું કે આવી યોજનાથી ચૂંટણી પ્રક્રિયા ગીવ એન્ડ ટેકની પ્રક્રિયા બની જાય છે. ફ્રીની સ્કીમ્સ અને ચૂંટણી પહેલાંના વચનોની વધતી ધમકીઓ છતાં, ચૂંટણી પંચ આ પ્રથાને રોકવામાં સફળ રહ્યું નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે લોકશાહીની અખંડિતતા જળવાઈ રહે તે રીતે ચૂંટણી યોજવી જોઈએ. અરજદારે એવી પણ માગણી કરી હતી કે ચૂંટણીના થોડા સમય પહેલા મફત યોજનાઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આવો પ્રતિબંધ માત્ર સરકારને જ નહીં પરંતુ તમામ રાજકીય પક્ષોને લાગુ પડવો જોઈએ. ઉલ્લેખનીય છે કે આવી યોજનાઓ મહારાષ્ટ્રથી લઈને ઝારખંડ સુધી મોટી સંખ્યામાં જોવા મળી છે. એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકારે મુંબઈમાં પ્રવેશવા પર હળવા મોટર વાહનો માટેનો તમામ ટોલ ટેક્સ માફ કરી દીધો છે. આ ઉપરાંત ગર્લ સિસ્ટર સ્કીમની પણ જાહેરાત કરવામાં આવી હતી. એટલું જ નહીં ઝારખંડમાં પણ આવી જ યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે. હરિયાણાની ચૂંટણીમાં પણ રાજકીય પક્ષોએ વિવિધ યોજનાઓની જાહેરાત કરી હતી. શાસક પક્ષથી લઈને કોંગ્રેસ પક્ષ પણ આમાં જોડાઈ ગયો હતો.

## દેશભરમાં ૮૪ લાખ વોટ્સએપ એકાઉન્ટ કરાયા બેન

। નવીદિલ્હી, તા.૧૫ ।

દેશના સૌથી મોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપે દેશના આશરે ૮૪ લાખ એકાઉન્ટ બેન કરી દીધા છે. વોટ્સએપની મૂળ કંપની મેટાએ ફક્ત એક મહિનામાં જ આ કાર્યવાહી કરી દીધી છે. કંપનીનું કહેવું છે કે, તેમના પ્લેટફોર્મનો ઉપયોગ સ્કેમ માટે કરવામાં આવી રહ્યો હતો, જેથી કરીને કંપનીએ આ શંકાસ્પદ એકાઉન્ટ બેન કરી દીધાં છે. વોટ્સએપને ઘણાં યુઝર્સે આ પ્રકારના સ્કેમની જાણકારી આપી હતી.

## એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બની માહિતી મળતા ચકચાર મચી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૫ ।

દિલ્હીથી શિકાગો જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ પર બોમ્બ હોવાની ધમકી આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ એર ઈન્ડિયાની AI ૧૨૭ ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી છે. જે બાદ તેને કેનેડા ડાયવર્ટ કરવામાં આવી હતી. પ્લેનને ઈક્લુઈટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ કરવાનું હતું. આ ધમકી સોશિયલ મીડિયા દ્વારા મોકલવામાં આવી હતી. એર ઈન્ડિયા એક્સપ્રેસે આ મામલે નિવેદન જાહેર કર્યું છે. નિવેદન અનુસાર, કેટલાક ઓપરેટરોને કેટલાક સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા ધમકી આપવામાં આવી છે. તમને જણાવી દઈએ કે થોડા સમય પહેલા અન્ય પ્લેનમાં બોમ્બ બ્લાસ્ટનો ખતરો હતો. દિવસ દરમિયાન, અયોધ્યાથી બેંગલુરુ જતી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટમાં બોમ્બની ધમકી આપવામાં આવી હતી. જે બાદ ફ્લાઈટ મોડી પડી હતી. આ ફ્લાઈટમાં ૧૩૨ મુસાફરો હતા. આ પ્લેન જયપુરથી આવી રહ્યું હતું. અયોધ્યામાં રોકાયા બાદ બેંગલુરુ જવાનું હતું. આમ, એક જ દિવસમાં આ બીજી ધમકી છે. જ્યારે છેલ્લા બે દિવસમાં ફ્લાઈટ પર ૫ બોમ્બની ધમકીઓ સામે આવી છે.

## હિમાચલ પ્રદેશના મંડીમાં આવેલ મસ્જિદનો ગેરકાયદે ભાગ તોડવા ઉપર કોર્ટનો સ્ટે

। (એજન્સી) હિમાચલ પ્રદેશ, તા.૧૫ ।

હિમાચલ પ્રદેશના મંડીમાં મુખ્ય સચિવ ટીસીપી (ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ) એ ગેરકાયદે મસ્જિદના માળખાને તોડીને તેને તેની જૂની સ્થિતિમાં પુનઃસ્થાપિત કરવાના આદેશો પર સ્ટે મૂક્યો છે. આ કેસમાં આગામી સુનાવણી પ્રિન્સિપલ સેક્રેટરી ટીસીપીની કોર્ટમાં જ થશે. આ સમય દરમિયાન, મહાનગરપાલિકા કચેરીના રેકોર્ડ સાથે પોતાનો પક્ષ પણ રજૂ કરશે. આ કેસની આગામી સુનાવણી ૨૦ ઓક્ટોબરે થશે. મહત્વનું છે કે હિંદુ સંગઠનોએ ૧૦ સપ્ટેમ્બરે મ્યુનિસિપલ કોર્પોરેશનની બહાર અને ૧૩ સપ્ટેમ્બરે શહેરમાં પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન શહેરના જેલ રોડ પર આવેલી ગેરકાયદે મસ્જિદને તોડી પાડવાની માંગ ઉઠી હતી. ત્યારે કોર્પોરેશન કોર્ટે મસ્જિદના માળખાને ગેરકાયદે અને ઁ નિયમોની વિરુદ્ધ ગણાવીને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. દરમિયાન તા.૨૦ સપ્ટેમ્બરના રોજ મહાનગરપાલિકાએ આ મસ્જિદની વીજળી અને પાણીના કનેક્શન કાપી નાખ્યા હતા. કમિશનર કોર્ટે આ માટે મસ્જિદ સ્ટીયરિંગ કમિટીને એક મહિનાનો સમય આપ્યો હતો. મુખ્ય સચિવ TCP સમક્ષ સુનાવણી દરમિયાન મુસ્લિમ પક્ષે ગેરકાયદે બાંધકામના મુદ્દાને નકારી કાઢ્યો હતો.



### બોર્ડની પરીક્ષાઓ ૧૫ દિવસ પહેલા થશે શરૂ

# ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા નું ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યુ

। અમદાવાદ, તા.૧૫ ।

હાલ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ વર્ગ-૧૦ (SSC), સંસ્કૃત પ્રથમ અને વર્ગ-૧૨ (HSC) વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ, ઉચ્ચ ઉત્તર બંયાદી પ્રવાહ, વ્યવસાયિક પ્રવાહ, સંસ્કૃત માધ્યમના વિદ્યાર્થીઓની પરીક્ષા આગામી ફેબ્રુઆરીમાં લેવામાં આવશે. માર્ચ-૨૦૨૫. આ પરીક્ષા ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૧૩ માર્ચ ૨૦૨૫ દરમિયાન લેવામાં આવશે. આ પરીક્ષાનો અભ્યાસક્રમ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર મૂકવામાં આવ્યો છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે. દર વર્ષે બોર્ડની પરીક્ષા ૧૫ માર્ચથી શરૂ થાય છે. પરંતુ આ વર્ષે પરીક્ષા ૧૫ દિવસ પહેલા લેવામાં આવી છે. ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ પણ ૨૭ ફેબ્રુઆરીથી ૧૦ માર્ચ દરમિયાન લેવામાં આવશે. જ્યારે ૧૨મા ધોરણ સામાન્ય પ્રવાહ અને યુ.યુ. પ્રવાહની પરીક્ષાઓ ૧૩ માર્ચ સુધી યોજાશે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય સવારે ૧૦ થી બપોરે ૧.૧૫ વાગ્યા સુધીનો રહેશે. જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષાનો સમય બપોરે ૩ વાગ્યાથી ૬.૧૫ વાગ્યા સુધીનો રહેશે. ધોરણ ૧૦ ના વ્યાવસાયિક અભ્યાસક્રમો સિવાયના તમામ વિષયોના પ્રશ્નપત્રો ૮૦ ગુણના હશે. દરેક પ્રશ્નપત્ર માટે ૧૫ મિનિટ વધુ સમય ફાળવવામાં આવશે. વિદ્યાર્થીને ઉપરોક્ત ઉત્તરપત્ર ભરવા માટે પ્રારંભિક પાંચ મિનિટ અને પ્રશ્નપત્ર વાંચવા માટે ૧૦ મિનિટ ફાળવવામાં આવશે. અને નિયમ મુજબ જવાબ લખવાનો સમય ૧ કલાકથી ૩ કલાકનો રહેશે. પરીક્ષાના પહેલા દિવસે વિદ્યાર્થીઓએ પરીક્ષા શરૂ થાય તેના ૩૦ મિનિટ પહેલા પરીક્ષા કેન્દ્ર પર પહોંચવાનું હોય છે. અન્ય દિવસોમાં, ૨૦ મિનિટ પહેલા રહો. આ સાથે GUJCAT ૨૦૨૫ ની પરીક્ષાની તારીખ પણ જાહેર કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડમાં વર્ષ ૨૦૨૫ માટે વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ છ, ગ્રુપ ⊅ અને ગ્રુપ A-B ના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે રવિવાર ૨૩ માર્ચ ૨૦૨૫ ના રોજ પ્રવેશ પરીક્ષા લેવામાં આવી છે. રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો આવશે GUJCAT પરીક્ષા રવિવાર ૨૩ માર્ચ ૨૦૨૫ ના રોજ સવારે ૧૦ થી સાંજના ૪ વાગ્યા સુધી જિલ્લા કક્ષાના કેન્દ્રો પર લેવામાં આવશે. GUJCAT ૨૦૨૫ અરજી ફોર્મ ઓનલાઈન ભરવા માટેની તારીખ અને માહિતી બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પ્રકાશિત કરવામાં આવશે, તેની જાહેરાત પછીથી અખબારી યાદી દ્વારા કરવામાં આવશે.

### દિલ્હીથી ડીઆરઆઈની જાગવાના મેઘનગરમાં દરોડો ટીમનો

# અંકલેશ્વર બાદ હવે દાહોદની ફાર્મા કંપનીમાં થી ૧૬૮ કરોડનું એમડી ડ્રગ્સ ઝડપાયું

### ૧૧૨ કિલોના જથ્થા સાથે વડોદરાના એક સહિત ચાર શખ્સોની ધરપકડ



। (એજન્સી) ભરૂચ, તા.૧૫ ।

અંકલેશ્વરમાં કરોડો રૂપિયાનું એમડી ડ્રગ્સ પકડાયા બાદ મધ્ય ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લાના સરહદે આવેલા જાગવાના મેઘનગર જીઆઈડીસી વિસ્તારમાં દવા બનાવતી કંપનીમાં કેન્દ્ર સરકારની ડીઆરઆઈની ટીમે દરોડા પાડી ૧૬૮ કરોડ કિંમતનું ૧૧૨ કિલો એમડી ડ્રગનો જથ્થો જપ્ત કર્યો છે. આ સાથે જ દાહોદના બે, વડોદરાનો એક મળી કુલ ચાર લોકોની ધરપકડ કરી હતી.મળતી માહિતી મુજબ, મેઘનગર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી મેઘનગર ફાર્મ કેમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં દિલ્હી ડીઆરઆઈ (ડાયરેકટેડ રેવન્યૂ ઈન્ટેલિજન્ટ)ની ટીમે દરોડા પાડ્યા હતા.આ દરોડા દરમિયાન દવા બનાવતી કંપનીમાંથી ૩૬ કિલો ડ્રગ પાઉડર, ૭૬ કિલો લિક્વિડ ફોર્મમાં મળી કુલ ૧૧૨ કિલો મેફેડોન ડ્રગનો જથ્થો જપ્ત કરી કંપનીને સીલ મારવામાં આવી હતી. આ દરમિયાન કંપનીમાં હાજર વિજય ગોવિંદ સિંઘ રાઠોડ (રહે.વડોદરા), રતન નેવાભાઈ નળવાયા, વૈભવ રતન નળવાયા તેમજ રમેશ દીતીયા (બસી વેરાવલી તળાવ ફળિયા મેઘનગર) મળી કુલ ચાર ઈસમોને ધરપકડ કરવામાં આવી છે.

આ દવાની કંપની દોઢ વર્ષ અગાઉ ગુજરાતના દીપક નામના વ્યક્તિ દ્વારા હેન્ડઓવર કરવામાં આવી હતી. જેમાં શરૂઆતમાં દવા બનાવ્યા બાદ એમડી ડ્રગનું નિર્માણ કરી વેચવામાં આવી રહ્યું હતું. પકડાયેલા ઉપરોક્ત ચારેય પૈકી વડોદરાનો વિજય રાઠોડ સંચાલક હોવાનું સામે આવ્યું છે. દાહોદ તાલુકાના નવાગામના ઉપરોક્ત બંને વ્યક્તિ ઓપરેટર તેમજ હેલ્પર તરીકે કામ કરતા હોવાનું બહાર આવ્યું છે. મેઘનગરનો રમેશ બસી ચોકીદાર તરીકે કામ કરતો હતો.

મેઘનગર ફાર્મ કેપ પ્રાઈવેટ લિમિટેડમાં પ્રતિબંધિત ૧૬૮ કરોડની એમડી ડ્રગ સાથે પકડાયેલા ચારેય ઈસમોને કોર્ટમાં રજૂ કરતા સંચાલક વિજય રાઠોડના કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. અન્ય ત્રણ ઈસમોને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ કર્યો હતો. ડીઆરઆઈની ટીમે ફેક્ટરીમાંથી કેમિકલ તેમજ અન્ય મશીનરી જપ્ત કરી હતી. ઈન્જેક્શન ફોર્મ, પાઉડર ફોર્મ તેમજ અન્ય એક ફોર્મ મળી કુલ ૩ ફોર્મમાં એમડી ડ્રગ બનાવી રહ્યા હોવાનું એજન્સીની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે ભારત રત્ન ડો. અબ્દુલ કલામની જન્મ જયંતીની ઉજવણી



। અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે મહાન વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી. જે નિમિત્તે હોલ ઓફ સ્પેસ અને સાયન્સમાં આવનારા મુલાકાતીઓને ભારતીય અવકાશ વિજ્ઞાન વિશે તેમજ તેમાં ડો. અબ્દુલ કલામ સાહેબે આપેલા યોગદાન વિશે માહિતી આપવામાં આવી. હોલ ઓફ સ્પેસ અને સાયન્સમાં રૂબિક ક્યૂબ દ્વારા બનાવવામાં આવેલું પોટ્રેટ પ્રદર્શિત કરીને ડો. અબ્દુલ કલામને શ્રદ્ધાંજલિ આપ વામાં આવી હતી. આ દરમિયાનસીસીએલ-આઈઆઈટી ગાંધીનગરના નિષ્ણાતો દ્વારા મુલાકાતીઓને વિજ્ઞાનના પ્રયોગો પણ બતાવવામાં આવ્યા હતા.

મહત્વનું છે કે ડો. અબ્દુલ કલામનો જન્મ ૧૫ ઓક્ટોબર ૧૯૩૧ના રોજ તમિલનાડુના રામેશ્વરમમાં એક સામાન્ય પરિવારમાં થયો હતો. તેના પિતા માછીમાર હતા. કલામે પોતાની મહેનતના આધારે અપાર સફળતા મેળવી છે દેશને પ્રથમ મિસાઈલ પણ આપી. તેથી તેમને મિસાઈલ મેન તરીકે પણ ઓળખવામાં આવતા હતા. અબ્દુલ કલામનું સપનું એરફોર્સમાં પાઈલટ બનવાનું હતું, પરંતુ એક રેક્ર ઓછો હોવાને કારણે તેમને રિજેક્ટ કરવામાં આવ્યા હતા. નિરાશ થઈને તેઓ ઋષિકેશ જતા રહ્યા હતા, જ્યાં તે સ્વામી શિવાનંદને મળ્યા. સ્વામી શિવાનંદના માર્ગદર્શન હેઠળ કલામ સાહેબે વૈજ્ઞાનિક બનવાનો માર્ગ શોધી કાઢ્યો. જે બાદ ૨૯ વર્ષની ઉંમરે તેઓ DRDOના વૈજ્ઞાનિક અને ૩૮ વર્ષની ઉંમરે ISROના વૈજ્ઞાનિક બન્યા. આ પછી જ ભારતની પ્રથમ મિસાઈલ 'અગ્નિ' બની. અબ્દુલ કલામે પણ પરમાણુ પરીક્ષણમાં મોટી ભૂમિકા ભજવી હતી અને ત્યારબાદ ૭૧ વર્ષની વયે દેશના ૧૧મા રાષ્ટ્રપતિ બન્યા હતા.

### ઇંસ્પેકશન દરમિયાન ૧૮ નમુનાઓ નાપાસ

# વડોદરા કોર્પોરેશનની તહેવારના ટાણે ખાદ્ય પદાર્થોની તપાસ ઝુંબેશ

### વેપારીઓ સામે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ અન્વયે કાર્યવાહી થશે

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।

વડોદરા કોર્પોરેશન દ્વારા ગણેશોત્સવ તેમજ નવરાત્રી તહેવારો દરમ્યાન શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોન વેચાણ સાથે સંકળાયેલાઓને ત્યાં ઈંસ્પેકશનની કામગીરી કરવામાં આવેલ. કામગીરી દરમ્યાન લેવામાં આવેલ નમુનાઓમાં ૧૮ નમુનાઓ નાપાસ આવેલ છે. જે પૈકી એક નમુનો અનસેફ અને ૧૭ નમુનાઓ સબ-સ્ટાન્ડર્ડ આવેલ છે. જેના વેપારીઓ સામે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. શહેર વિસ્તારમાં જાહેર જનતાનાં આરોગ્યની સુખાકારી ધ્યાને લઈ કોર્પોરેશનના કમિશ્નર દિલીપ રાણાની સુચનાં મુજબ ડેઝીગ્નેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદાર ડો.મુકેશ વૈદ્યના માર્ગદર્શન હેઠળ ખોરાક શાખાનાં ફૂડ સેફટી ઓફીસરો દ્વારા ગણેશોત્સવ તેમજ નવરાત્રી તહેવારો દરમ્યાન જુદા-જુદા વિસ્તારોમાં ઘી, જુદી જુદી બ્રાન્ડ અના તેલ, કોકો પાવડર, મેદા, માવો, બુંદી, પાલક સેવ, જ્યુસ વિગેરેનું વેચાણ કરતા ઉત્પાદક પેઢીઓ, હોલસેલ, રીટેલ દુકાનો, રેસ્ટોરન્ટ, ફુડ વેન્ડીંગ એસ્ટાબ્લીસમેન્ટ, ડેરી વિગેરેમાં સઘન ઈંસ્પેકશનની કામગીરી કરવામાં આવી હતી. ખોરાક શાખાના ફૂડ સેફટી ઓફીસરો દ્વારા વિવિધ વિસ્તારોમાં આવેલી ઉત્પાદક પેઢીઓ, રીટેલ દુકાનો, રેસ્ટોરન્ટ, ફુડ વેન્ડીંગ એસ્ટાબ્લીસમેન્ટ, ડેરીમાંથી ઘી, જુદી-જુદી બ્રાન્ડ અના તેલ, કોકો પાવડર, મેદા, બુંદી, પાલક સેવ, જ્યુસ વિગેરેનાં ૧૮ નમુના ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી, ફતેગંજ ખાતેના પૃથ્થકરણ રીપોર્ટ આધારે અપ્રમાણસરના જાહેર થયા છે.

### કાતરોડી માતાજીના મંદિરે બટુક ભોજન માટે ગયા હતાં

# સુરેન્દ્રનગરમાં બટુક ભોજન લીધા બાદ ૩૦ થી વધુ બાળકોની તબિયત લથડી

### આરોગ્ય વિભાગની ટીમે બાળકોએ લીધેલા ભોજનના સેમ્પલ લઈ તપાસ હાથ ધરી

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૫ ।

સુરેન્દ્રનગર જિલ્લાના મુળીના કુંતલપુર ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ગામમાં આવેલા કાતરોડી માતાજીના મંદિરે બટુક ભોજન માટે ગયા હતાં. જ્યાંથી પરત શાળાએ ફરતા ૩૦ થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થતાં તબિયત લથડી હતી. તમામને ગામના આરોગ્ય કેન્દ્ર અને બાદમાં મુળીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આ બનાવને પગલે આરોગ્યની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને બાળકોએ બટુક ભોજનમાં કઈ વસ્તુ ખાધા બાદ તેની અસર થઈ છે તે અંગે સેમ્પલ લઈ આગળની કાર્યવાહી હાથધરી છે.સમગ્ર ઘટના વિશે વાત કરીએ તો મુળી તાલુકાના કુંતલપુર ગામે આવેલા કાતરોડી માતાજીના મંદિરે મહાપ્રસાદ અને બટુક ભોજનનું આયોજન કરાયું હતું. જેમાં કુંતલપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતાં. જેથી શાળાના અંદાજે ૩૦ થી વધુ બાળકો પ્રસાદ લેવા પહોંચ્યા હતાં. ત્યાંથી પ્રસાદ લઈને શાળાએ પરત ફરતાં અચાનક બાળકોને ઝાડા-ઉલટી થતાં શાળાના આચાર્ય સહિત શિક્ષકોમાં દોડધામ મચી ગઈ હતી. આ અંગે બાળકોના માતા-પિતા સહિત ગામના સરપંચ અને આગેવાનોને જાણ કરતાં તેઓ ઘટના સ્થળે પહોંચ્યા હતાં. એમ્બ્યુલન્સ મારફતે તમામ બાળકોને તુરંત સારવાર માટે કુંતલપુર આરોગ્ય કેન્દ્ર લઈ જવાયા હતાં. કુંતલપુર આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તમામ બાળકોને મુળી સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં.

**વિશેષ** ગુજરાત રેડ ક્રોસના ચેરમેન અજય પટેલ, માહિતી અને પ્રસારણ સચિવ અવંતિકા સિંઘ તથા માહિતી નિયામક કે.એલ. બચાણીની ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પત્રકારોની આરોગ્ય તપાસ માટેના રાજ્યવ્યાપી પ્રોગ્રામ 'ફીટ ઈન્ડીયા, ફીટ મીડિયા'નો કરાવ્યો શુભારંભ









। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પત્રકારિતા લોકશાહીનો ચોથો સ્તંભ છે. પત્રકારિતાનો ધર્મ સમાજને જાગૃત કરવાનો છે. પત્રકારો સ્વસ્થ-તંદુરસ્ત હશે તો પત્રકારિતા થકી સમાજને જાગૃત રાખવાનું કામ સારી રીતે કરી શકશે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જન-સામાન્યની આરોગ્ય સુખાકારીની હંમેશા ચિંતા કરી છે. તે માટ 'ફિટ ઈન્ડિયા'ની સંકલ્પના તેમણે આપી છે. જનતાનો અવાજ બનતા પત્રકારો સતત પરિશ્રમ કરતા હોય છે ત્યારે, તેમની સ્વાસ્થ્ય સુરક્ષા પણ એટલી જ અગત્યની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પત્રકારોની આરોગ્ય તપાસ માટેના રાજ્યવ્યાપી પ્રોગ્રામ 'ફિટ ઈન્ડિયા - ફીટ મીડિયા' ના શુભારંભ પ્રસંગે આ વાત કહી હતી.

વિકાસ સપ્તાહ અંતર્ગત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે 'ફિટ ઈન્ડિયા - ફીટ મીડિયા' પ્રોગ્રામનો ઉદઘાટન સમારોહ અમદાવાદ રેડક્રોસ ભવન ખાતે યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભે કહ્યું કે, પત્રકારોની આરોગ્ય રક્ષા- સ્વાસ્થ્ય દરકાર માટે માહિતી ખાતા અને રેડક્રોસની આ પહેલ સરાહનીય છે. પત્રકારોના હેલ્થ ચેકઅપ માટેનો આ ઉપક્રમ દર વર્ષે યોજવાની હિમાયત પણ તેમણે કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે "પહેલું સુખ તે જાતે નર્યા" એ આપણી કાર્ય સંસ્કૃતિ છે. સ્વાસ્થ્ય સારું હશે તો કોઈ પણ ધંધા-રોજગાર કે વ્યવસાયમાં આપણે ઉત્કૃષ્ટ પ્રદાન કરી શકીશું. સ્ટ્રેસ અને અનિયમિતતા ભરેલી લાઈફ સ્ટાઈલને કારણે પત્રકાર સહિત દરેક વ્યવસાયકારોએ પોતાની આરોગ્ય સંભાળ અવશ્ય લેવી જોઈએ. શરીરમાં આવેલા રોગ-ત્રુટીને જાણવા માટે આરોગ્ય તપાસ જરૂરી છે તેમ જ સમાજ- સરકારમાં રહેલી ત્રુટીની જાણ માટે પત્રકારિતા આવશ્યક છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રોમાં મળતી જેનરીક દવાઓની ઉપયોગીતા સમજાવી હતી. પ્રચાર માધ્યમોના સહકારથી જન ઔષધી કેન્દ્રમાં મળતી દવાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તેવી અપીલ તેમણે કરી હતી.

આ પ્રંસગે સ્વાગત પ્રવચન કરતા ગુજરાત રેડક્રોસ સોસાયટીના ચેરમેન શ્રી અજયભાઈ પટેલે ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સમાચારો માટે સતત દોડતા પત્રકારોના આરોગ્યની દરકાર માટે મુખ્યમંત્રીશ્રીએ ચિંતિત થઈ આરોગ્ય કેમ્પનું આયોજન કર્યું.

વધુમાં, શ્રી અજય પટેલે ગુજરાત રેડક્રોસ સોસાયટી દ્વારા થઈ રહેલા આરોગ્ય વિષયક સેવાઓ અને કાર્યો વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ ૨૮ બ્લડ બેંક કાર્યરત છે. એક કલાકમાં બ્લડ ટેસ્ટનો રિપોર્ટ મળી જાય તે પ્રકારની વ્યવસ્થાઓ છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૩મા જન્મદિને ગુજરાત રેડક્રોસ દ્વારા રાજ્યમાં ૭૩ જેટલા જન ઔષધિ કેન્દ્રો ખોલવામાં આવ્યા. આગામી સમયમાં સમગ્ર દેશમાં ૧૦,૦૦૦ જેટલા સ્ટોર ખોલવામાં આવશે તેવું તેમણે કહ્યું હતું.

આ તકે માહિતી નિયામક શ્રી કે.એલ.બચાણીએ પત્રકારો અને સૌ ઉપસ્થિતોનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મીડિયા લોકશાહીનો ચોથો અને મજબૂત સ્તંભ છે. લોકપ્રશ્નોને જાગૃત કરવા સતત પ્રયત્નશીલ અને સંઘર્ષશીલ રહેતા મીડિયાકર્મીઓ ક્યારેક આરોગ્યની સંભાળ રાખવાનું ચૂકી જતા હોય છે. માહિતી ખાતા અને રેડ ક્રોસના સંયુક્ત ઉપક્રમે મીડિયાકર્મીઓ માટે શરૂ થયેલ રાજ્યવ્યાપી હેલ્થ સ્ક્રીનીંગ કાર્યક્રમનો મહત્તમ પત્રકારો અને મીડિયા કર્મીઓ લાભ મેળવશે એવી આશા છે. વધુમાં, તેમણે મુખ્યમંત્રીશ્રી તેમજ મંચસ્થ મહાનુભાવો સહિત કાર્યક્રમના આયોજન સાથે સંકળાયેલ સૌનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે ગુજરાતની વણથંભી વિકાસયાત્રાની શરૂઆત કરાવી હતી. તેમના સુશાસનના ૨૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે હાલમાં આપણે રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરી રહ્યા છીએ. જે અંતર્ગત આજે મીડિયા કર્મીઓ માટે 'ફિટ ઈન્ડિયા, ફિટ મીડિયા' રાજ્યવ્યાપી કેમ્પેઈનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સાથે જ, તેમણે આરોગ્ય સહિત સમાજ કલ્યાણના કાર્યોમાં અગ્રેસર રહેતી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત શાખાની કામગીરીને બિરદાવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, ગુજરાત રેડક્રોસના સી.ઈ.ઓ. શ્રી ડો.પ્રકાશ પરમાર, મેનેજિંગ કમિટી મેમ્બર શ્રી ડો. અજય પટેલ, મ્યુનિ.કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન શ્રી પ્રિતેશ મહેતા તથા સમાચાર પત્રો અને ચેનલોના સંપાદકો અને વરિષ્ઠ પત્રકારો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય રાજધાનીમાં ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન-વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન સ્ટાન્ડર્ડાઇઝેશન એસેમ્બલી (ITU-WTSA) ૨૦૨૪ દરમિયાન 'ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ'ની ૮મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું.

### સ્પેક્ટ્રમની ફાળવણી કરવાના ટ્રાઇના નિષ્કર્ષ સામે રિલાયન્સે તલવાર તાણી

# સેટેલાઇટ નેટના સ્પેક્ટ્રમની ફાળવણી નહીં, પરંતુ હરાજી કરો : રિલાયન્સ

## ભારતમાં સેટેલાઇટ ઇન્ટરનેટ સર્વિસના સ્પેક્ટ્રમ કેવી રીતે આપવામાં આવશે તે અંગે ગયા વર્ષથી વિવાદ ચાલી રહ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસના સ્પેક્ટ્રમ માટે અબજપતિ મુકેશ અંબાણીની રિલાયન્સ અને ઈલોન મસ્કની સ્ટારલિંક વચ્ચેનો જંગ વધુ તીવ્ર બન્યો છે. સેટેલાઈટ ઈન્ટરનેટના સ્પેક્ટ્રમની હરાજી નહીં થાય, પરંતુ તેની સરકાર ફાળવણી કરાશે તેવા ટેલિકોમ રેગ્યુલેટરીના તારણ સામે રિલાયન્સે ખાનગીમાં સવાલ ઊભા કર્યા છે. ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસના સ્પેક્ટ્રમ કેવી રીતે આપવામાં આવશે તે અંગે ગયા વર્ષથી વિવાદ ચાલે છે. મસ્કની સ્ટારલિંક અને તેની વૈશ્વિક હરીફ એમેઝોનની પ્રોજેક્ટ કુપર સ્પેક્ટ્રમની સરકાર ફાળવણી કરે તેવું ઈચ્છે છે, બીજી તરફ રિલાયન્સ જિયોની માલિક ધરાવતા અંબાણી હરાજી કરવામાં આવે તેવું ઈચ્છે છે. હાલના વિવાદ ભારતના કાયદાના અર્થઘટન સંબંધિત છે. ઉદ્યોગના કેટલાંક લોકો માને છે કે મસ્કની ઈચ્છા અનુસાર સ્પેક્ટ્રમની ફાળવણી કરવાનો સરકારે



માર્ગ મોકળો કર્યો છે. જોકે રિલાયન્સે દલીલ કરી છે કે વ્યક્તિઓ કે હોમ યુઝર્સ માટે સેટેલાઈટ બ્રોડબેન્ડ સર્વિસ માટે કાયદામાં કોઈ જોગવાઈ નથી. આ મુદ્દે ટેલિકોમ નિયમનકારી સંસ્થા ટ્રાઈ હાલમાં જાહેર વિચારવિમર્શ કરી રહી છે. જોકે રિલાયન્સે ૧૦ ઓક્ટોબરે ખાનગી પત્ર લખી જણાવ્યું છે કે આ પ્રક્રિયા નવેસરથી ચાલુ કરવી જોઈએ, કારણ કે નિયમનકારી સંસ્થાએ અગાઉથી અર્થઘટન કરી નાંખ્યું છે કે આગામી સમયગાળામાં સ્પેક્ટ્રમની હરાજી નહીં થાય, પરંતુ તેની સરકાર દ્વારા ફાળવણી કરાશે.

## ન્યૂઝ બ્રિફ

### ભારત અમેરિકા પાસેથી ૩૧ પ્રિડેટર ડ્રોન ખરીદશે



। (એજન્સી) નવીદિલ્હી,તા.૧૫ ।

ત્રણેય સેનાઓની દેખરેખ ક્ષમતા વધારવા માટે આજે અમેરિકાથી ૩૨ હજાર કરોડના ખર્ચે ૩૧ પ્રિડેટર ડ્રોન ખરીદવા અને ભારતમાં તેના માટે જાળવણી, સમારકામ અને ઓવરહોલ (MRO) કેન્દ્રો સ્થાપવા માટે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. સેનાની સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિએ ગયા અઠવાડિયે ૩૧ પ્રિડેટર ડ્રોનની (Predator Drone) ખરીદીને મંજૂરી આપી હતી. કુલ ૩૧ ડ્રોનમાંથી ૧૫ નેવીને અને ૮ ડ્રોન આર્મી અને એરફોર્સને આપવામાં આવશે. સંરક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું કે યુ.એસ. સાથે વિદેશી સૈન્ય વેચાણ કરાર પર મંગળવારે હસ્તાક્ષર કરવામાં આવશે. સૈન્ય અને કોર્પોરેટ અધિકારીઓની યુએસ ટીમ આ કરારો પર હસ્તાક્ષર કરવા રાજધાનીમાં છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે હસ્તાક્ષર સમારોહમાં સંયુક્ત સચિવ અને નેવલ સિસ્ટમ્સના પ્રોક્યોરમેન્ટ મેનેજર સહિત ભારતીય સંરક્ષણ અધિકારીઓ હાજર રહેશે. આ ડીલ માટે ભારત ઘણા વર્ષોથી યુએસ સાથે ચર્ચા કરી રહ્યું છે, પરંતુ થોડા અઠવાડિયા પહેલા યોજાયેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં આખરી અડચણો દૂર કરવામાં આવી હતી. કારણ કે યુએસના પ્રસ્તાવને કારણે તેને ૩૧ ઓક્ટોબર પહેલા મંજૂરી મળવાની હતી. ભારત સંભવતઃ ચાર સ્થળોએ ડ્રોન તૈનાત કરશે.

### MBBSમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓના પ્રવેશ પર SCનો નિર્ણય, કહ્યું: એડમિશન ન રોકી શકાય

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૫ ।

દિવ્યાંગ વિદ્યાર્થીઓને લઈને સુપ્રીમ કોર્ટે આજે મંગળવારે મહત્ત્વપૂર્ણ નિર્ણય સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, માત્ર ૪૦થી ૪૫ ટકા દિવ્યાંગતા હોવાને કારણે આવા વિદ્યાર્થીઓને MBBSમાં પ્રવેશથી વંચિત ન રાખી શકાય. દિવ્યાંગ વિદ્યાર્થીઓને મેડિકલ કોલેજોમાં પ્રવેશ મેળવવામાં કોઈ અડચણ ન થવી જોઈએ. વર્તમાન નિયમો અનુસાર, ૪૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ દવાનો અભ્યાસ કરી શકતા નથી. આ અંગે જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કેવી વિશ્વનાથનની ખંડપીઠે એક દિવ્યાંગ વિદ્યાર્થીની અરજી પર આ નિર્ણય આપ્યો છે. ચુકાદામાં બેંચે કહ્યું હતું કે, અદાલતે એ જોવાની જરૂર છે કે શું સમાનતાના અધિકારનું આડકતરી રીતે ઉલ્લંઘન થઈ રહ્યું છે. અમે આશા રાખીએ છીએ કે, NMC યોગ્ય ગોઠવણો સાથે સમાવિષ્ટ અભિગમ અપનાવશે. અભિગમ ઉમેદવારોને ગેરલાયક ઠેરવવાનો ન હોવો જોઈએ. સુપ્રિમ કોર્ટે વધુમાં કહ્યું કે, આ સાથે અમે નિર્દેશ આપવા માટે બંધાયેલા છીએ કે ડિસેબિલિટી એસેસમેન્ટ બોર્ડ દ્વારા માત્ર બેન્ચમાર્ક ડિસેબિલિટીને ધ્યાનમાં લઈને આવા ઉમેદવારોના પ્રવેશમાં કોઈ અડચણ ઊભી કરવામાં નહીં આવે. અમે નિર્દેશ કરીએ છીએ કે, બોર્ડના નિર્ણયો ન્યાયિક નિર્ણય લેતી સંસ્થા પાસે અપીલ યોગ્ય ઠરે. આ કિસ્સામાં, મેડિકલ બોર્ડનો રિપોર્ટ અનુકૂળ છે અને આ પ્રકારની અપીલની મંજૂરી છે.

# હરિયાણામાં દાઝેલી કોંગ્રેસ મહારાષ્ટ્રમાં એલર્ટ આપવામાં આવ્યું, રાહુલ ગાંધીએ આપી સલાહ

### મહારાષ્ટ્ર કોંગ્રેસ નેતાઓ સાથેની મિટીંગમાં રાહુલ ગાંધીએ સાવચેત કર્યાં, કે તમારે ઓવર કોન્ફિડન્સથી બચવું પડશે

। (એજન્સી) મહારાષ્ટ્ર ,તા.૧૫ ।

હરિયાણામાં જીતને આંખ સામે જોઈને ઉજવણી કરી રહેલી કોંગ્રેસ પરિણામ આવતા જ ઊંધા માથે પડી હતી. આ કારમી હારને અત્યાર સુધી કોંગ્રેસ પચાવી નથી શકી. આ પરિણામનું કારણ ઓવર કોન્ફિડન્સ પણ માનવામાં આવી રહ્યું છે. જેના લીધે હરિયાણામાં દૂધથી દાઝેલી કોંગ્રેસ મહારાષ્ટ્રમાં છાશ પણ ફૂંકી-ફૂંકીને પીવે છે. સોમવારે મહારાષ્ટ્ર કોંગ્રેસ નેતાઓ સાથેની મિટીંગમાં રાહુલ ગાંધીએ સાવચેત કર્યાં હતાં, કે તમારે ઓવર કોન્ફિડન્સથી બચવું પડશે. તમે એકજૂટ થઈને કામ કરો અને કોઈપણ પ્રકારના અતિ આત્મવિશ્વાસથી બચીને રહો. નોંધનીય છે કે, ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે. લોકસભા ચૂંટણીમાં ભાજપને પોતાના દમ પર બહુમતથી રોકનારી કોંગ્રેસને આશા હતી કે, તે હરિયાણા અને



જમ્મુ-કાશ્મીરમાં સારા પરિણામ લાવશે. ખાસ કરીને હરિયાણામાં તો પાર્ટીને પોતાના દમ પર સત્તાની આશા હતી, પરંતુ પરિણામે ચોંકાવી દીધાં. ભાજપ સતત ત્રીજીવાર હરિયાણામાં જીતી ગઈ. હવે ભાજપને મહારાષ્ટ્રમાં પણ જીતનો વિશ્વાસ જાગી ગયો છે. જોકે, કોંગ્રેસ ત્યાં હજુ ખૂબ જ સાવધાનીથી ચાલી રહી છે. હજુ સુધી કોંગ્રેસ મહારાષ્ટ્રમાં એવા વિશ્વાસમાં નથી કે, તે પહેલાં નંબર પર રહેશે. જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં બેઠક વહેંચણી પણ INDIA ગઠબંધન માટે એક પડકાર છે. ઉદ્ધવ ઠાકરે સૌથી વધારે બેઠક ઈચ્છે છે, જોકે કોંગ્રેસનું કહેવું છે કે, લોકસભા ચૂંટણીના પ્રદર્શનને જોતા તે સૌથી વધારે બેઠકો પર લડશે. જોકે, આ વાત પર ત્રણેયની વચ્ચે સંમતિ જોવા મળી રહી છે કે, તે કોઈપણ પરિસ્થિતિમાં ચૂંટણીમાં એકસાથે જ ઉતરશે. જણાવી દઈએ કે, મહાવિકાસ અઘાડીને લોકસભા ચૂંટણીમાં સારી સફળતા મળી હતી. રાજ્યની ૪૮ માંથી ૩૧ બેઠકો પર ગઠબંધન જીત્યું હતું. વળી, ભાજપના નેતૃત્વવાળી એનડીએને ફક્ત ૧૭ બેઠક પર જ જીત મળી હતી. ત્યારથી રાજ્યમાં INDIA ગઠબંધન ઉત્સાહમાં છે, પરંતુ હરિયાણાના પરિણામે રાહુલ ગાંધીથી લઈને તમામ પાર્ટીને એલર્ટ કરી દીધાં છે. હરિયાણાના ચૂંટણી પરિણામને ધ્યાને લઈને પૂરો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે, હાલ મતભેદવાળા તમામ મુદ્દાને દૂર જ રાખવામાં આવે.

### દિવાળી પહેલાં ઘણા ડોમેસ્ટિક રૂટના વિમાન ભાડામાં ૨૦-૨૫% જેટલો ઘટાડો નોંધાયો

#### એરલાઇન્સ કંપનીઓની કેપેસિટીમાં વધારો અને ક્રૂડના ભાવમાં ઘટાડાથી મુસાફરો માટે ખુશખબરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

આ દિવાળીની સિઝનમાં વિમાન મુસાફરો માટે સારા સમાચાર આવી રહ્યાં છે. ઘણા ડોમેસ્ટિક રૂટ પર સરેરાશ વિમાન ભાડામાં ગયા વર્ષની સરખામણીમાં ૨૦-૨૫ ટકાનો ઘટાડો થયો છે. એરલાઈન કંપનીઓની બેઠક ક્ષમતામાં વધારો અને ક્રૂડ ઓઈલના ભાવમાં તાજેતરના ઘટાડાને કારણે વિમાનની ટિકિટના ભાવ ઘટ્યા છે. એક ટ્રાવેલ પોર્ટલના વિશ્લેષણ મુજબ કે સ્થાનિક રૂટ પર સરેરાશ હવાઈ ભાડું ૨૦-૨૫ ટકાની રેન્જમાં ઘટ્યું છે. આ ભાવ ૩૦ દિવસના એડવાન્સ બુકિંગના સરેરાશ ભાવ આધારિત છે. આ વિશ્લેષણમાં ગયા વર્ષના ૧૦થી ૧૬ નવેમ્બર વચ્ચેના સમયગાળાને ધ્યાનમાં લેવામાં આવ્યો છે, જ્યારે આ વર્ષ માટે ૨૮ ઓક્ટોબરથી ૩ નવેમ્બર સુધીના સમયગાળાને ધ્યાનમાં રાખવામાં આવ્યો છે.વિશ્લેષણ મુજબ બેંગલુરુ-કોલકાતા ફ્લાઈટ માટે સરેરાશ વિમાન ભાડું ૩૮ ટકા ઘટી આ વર્ષે રૂ.૬,૩૧૯ થયું છે, જે ગયા વર્ષે રૂ.૧૦,૧૯૫ હતું. ચેન્નાઈ-કોલકાતા રૂટ પર ટિકિટની કિંમત રૂ.૮,૭૨૫થી ૩૬ ટકા ઘટી રૂ.૫,૬૦૪ થઈ છે. મુંબઈ-દિલ્હી ફ્લાઈટનું સરેરાશ હવાઈ ભાડું રૂ.૮,૭૮૮થી ૩૪ ટકા ઘટીને રૂ.૫,૭૬૨ થયું છે. એ જ રીતે દિલ્હી-ઉદયપુર રૂટ પર ટિકિટના ભાવ રૂ.૧૧,૨૯૬થી ૩૪ ટકા ઘટી રૂ.૭,૪૬૯ થયા છે. દિલ્હી-કોલકાતા, હૈદરાબાદ-દિલ્હી અને દિલ્હી-શ્રીનગર રૂટ પર આ ઘટાડો ૩૨ ટકા સુધીનો છે.ગયા વર્ષે મર્યાદિત કેપેસિટીને કારણે દિવાળીની આસપાસ વિમાન ભાડામાં ઉછાળો આવ્યો હતો. ગયા વર્ષે ગો ફર્સ્ટ એરલાઈનની કામગીરી સ્થગિત થઈ હતી. જોકે આ વર્ષે થોડી રાહત મળી છે, કારણ કે વધારાની કેપેસિટીનો ઉમેરો કરાયો છે. તેનાથી ઓક્ટોબરના છેલ્લા સપ્તાહ માટે મહત્ત્વના ડોમેસ્ટિક રૂટ પર વાર્ષિક ધોરણે વિમાન ભાડામાં સરેરાશ ૨૦થી ૨૫ ટકાનો ઘટાડો થયો છે. ચાલુ વર્ષના પ્રારંભથી ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે ૧૫ ટકાનો ઘટાડો થયો છે. તેનાથી પણ વિમાન ભાડામાં ઘટાડાનું દબાણ આવ્યું છે. તેથી ઉત્સવોની સીઝનમાં મુસાફરોને વધુ સસ્તી ટિકિટ ઉપલબ્ધ બનશે. હાલમાં વધતા ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારા તરફી ટ્રેન્ડ છે.

### કોંગ્રેસ જ હતી જેણે અફઝલ માટે ૨૦૦૪માં પોટાને રદ્દ કર્યો હતો

## કોંગ્રેસ કાયમ આતંકીઓ પ્રત્યે કુણું વલણ અપનાવે છે : ભાજપનો આક્ષેપ

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ભાજપને આતંકવાદી પાર્ટી કહેવાના નિવેદનને લઇને આકરી પ્રતિક્રિયા સામે આવી છે. જેમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર દરમિયાનની આતંકવાદી ઘટનાઓનો ઉલ્લેખ કરતા કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ કોંગ્રેસ પર આતંકવાદના ગુનેગારો પ્રત્યે નરમ વલણ અપનાવવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કોંગ્રેસ પર આતંકવાદી અફઝલ ગુરુ પ્રત્યે નરમ વલણ રાખવાનો આરોપ લગાવતા કહ્યું કે સોનિયા ગાંધીએ બાટલા હાઉસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા આતંકવાદીઓ પ્રત્યે પણ સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. સોશિયલ મીડિયા પર તેમના મંતવ્યો શેર કરતા જોશીએ કહ્યું, "મલ્લિકાર્જુન ખડગેએ ભૂલથી ભાજપને આતંકવાદી પક્ષ કહ્યો.



તે સોનિયા ગાંધી હતા જેમણે બાટલા હાઉસમાં માર્યા ગયેલા આતંકવાદીઓ માટે આંસુ વહાવ્યા હતા. કોંગ્રેસ જ હતી જેણે અફઝલ માટે ૨૦૦૪માં પોટાને રદ્દ કર્યો હતો. તેમના વડાપ્રધાન મનમોહન સિંઘ હતા, જેમણે અલગતાવાદી આતંકવાદીઓ સાથે હાથ મિલાવ્યા હતા". તેમણે કહ્યું હતું કે "વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન જ આતંકવાદી પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ઘટાડો જોયો છે. આજે કાશ્મીરી યુવાનો પાસે નોકરીઓ છે, પથ્થરો નથી.

### મુંબઇ પોલીસે સુરક્ષા વધારી

## સલમાન ખાન જ નહીં આ કોમેડિયન પણ બિશ્નોઇ ગેન્ગના નિશાના પર

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

કોમેડિયન મુન્નવર ફારૂકી લોરેન્સ બિશ્નોઇ ગેંગના રડાર પર છે. લોરેન્સ બિશ્નોઈની ગેંગના બે લોકોએ સપ્ટેમ્બરમાં ફારૂકીનો પીછો કર્યો હતો. મુંબઈ પોલીસે કોમેડિયન મુન્નવર ફારૂકીની સુરક્ષા વધારી દીધી છે. મહત્ત્વપૂર્ણ છે કે એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી બિશ્નોઇ ગેન્ગે સ્વીકારી છે. બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ઘરની પણ સુરક્ષા વધારવામાં આવી છે.બાબા સિદ્દિકીની હત્યા બાદ પોલીસ બિશ્નોઈ ગેંગના નેટવર્કની તપાસ કરી રહી છે. આ વચ્ચે એવી માહિતી સામે આવી રહી છે કે, બિશ્નોઈ ગેંગની હિટલિસ્ટમાં સલમાન ખાન સિવાય મુનવ્વર ફારૂકી સહિત ઘણા નેતાઓ અને સેલિબ્રિટીઓના નામ પણ છે. સપ્ટેમ્બર મહિનામાં કોમેડિયન મુનવ્વર ફારૂકી બિશ્નોઈ ગેંગના નિશાનાથી બચી



ગયો હતો. તે ઈવેન્ટમાં ભાગ લેવા માટે મુંબઈથી દિલ્હી ગયો હતો. મુનવ્વર જે ફ્લાઈટમાં હતો તેમાં લોરેન્સ બિશ્નોઈના બે શૂટર પણ હતા. બંનેએ દક્ષિણ દિલ્હીની સૂર્યા હોટેલમાં રૂમ બુક કરાવ્યો હતો. મુનવ્વર પણ આ હોટલમાં જ રોકાયો હતો. દિલ્હી પોલીસની ટીમ પહેલાથી જ આ શૂટરોની તલાશમાં હતી, કારણ કે, તેઓએ દિલ્હીના એક બિઝનેસમેનની પણ હત્યા કરી નાખી હતી. જ્યારે દિલ્હી પોલીસની ટીમને તે હોટલમાં શૂટર્સ હોવાની માહિતી મળી.



તેલંગાણામાં વિકરાબાદ ખાતે રક્ષામંત્રી રાજનાથ સિંહ અને તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ નૌકાદળની કાર્યકારી તૈયારીને વેગ આપવા માટે ભારતીય નૌકાદળના વેરી લો ફ્રિક્વન્સી (VLF) સ્ટેશનનો શિલાન્યાસ કર્યો.

### દિલ્હી પોલીસે કરી ધરપકડ

## દિલજીતના કોન્સર્ટની નકલી ટિકિટ વેચતી ગેંગનો પર્દાફાશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દિલ્હી પોલીસે મંગળવારે પંજાબી ગાયક દિલજીત દોસાંજના કોન્સર્ટની નકલી ટિકિટ વેચતી ગેંગનો પર્દાફાશ કર્યો હતો. દિલજીતનો શો દિલ્હીમાં યોજાવા જઈ રહ્યો છે અને ચાહકોમાં આ કોન્સર્ટને લઈને જબરદસ્ત ક્રેઝ છે. દિલજીતની ટિકિટો ખૂબ જ મોંઘા ભાવે વેચાઈ રહી છે. પોલીસને બાતમી મળી હતી કે ટિકિટનું બ્લેક માર્કેટિંગ થઈ રહ્યું છે અને તેઓએ આ ટોળકીનો પર્દાફાશ કરવાનો પ્લાન ઘડ્યો હતો. સાઉથ દિલ્હી પોલીસે આ કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરી છે. ઉત્તર અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ



પછી, દિલજીત તેની સુપરહિટ દિલ-લુમિનાટી ટુર ભારતની રાષ્ટ્રીય રાજધાની સહિત ૧૦ શહેરોમાં લાવી રહ્યો છે. તે ૨૬ અને ૨૭ ઓક્ટોબરે નવી દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં પરફોર્મ કરવા માટે તૈયાર છે. આને લઈને દિલજીત દોસાંજના ફેન્સમાં જબરદસ્ત દિવાનગી છે. આ કોન્સર્ટને લઈને ચાહકો કેટલા ઉત્સાહિત છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે.

## તંત્રી લેખ...

# સરકારે દસ મહિના પછી જાહેર કરી ટેક્સ્ટાઇલ પોલિસી

રાજ્ય સરકારે જૂની ટેક્સ્ટાઈલ પોલિસી પૂરી થયાના દસ મહિના પછી આજે ૧૫ ઓક્ટોબરના રોજ ટેક્સટાઈલ પોલિસી ની જાહેરાત કરી છે. નવી ટેક્સ્ટાઈલ પોલિસીમાં પહેલી જ વખત કેપિટલ સબસિડી આપવામાં આવી રહી છે. આના હેઠળ ૧૦ થી ૩૫ ટકા મૂડી સબસિડીની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે જૂની પોલિસીમાં વ્યાજ પર સબસિડી ૫ થી ૬ ટકાથી ઘટાડીને ૫ થી ૭ ટકા કરવામાં આવી છે. જ્યારે વીજળી સબસિડી પ્રતિ યુનિટ રૂ. ૧ નક્કી કરવામાં આવી છે. ગુજરાતના ૫૫૯૨ ઔદ્યોગિક એકમો માટે ૧૧૦૭ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. નવી નીતિ ગ્રામીણ મહિલાઓને વધુ ભંડોળ પૂરું પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી કરવામાં આવી છે ત્યારે ટેક્સટાઈલ પોલિસી શરૂ કરવામાં આવી છે. ગુજરાત કાપડ ઉત્પાદન અને વેપારનું કેન્દ્ર રહ્યું છે. ડેનિમ કેપિટલ તરીકે પ્રખ્યાત. ટેક્સટાઈલ પોલિસી ૨૦૧૨માં જાહેર કરવામાં આવી હતી. જેમાં ૩૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું. આ નીતિએ રાજ્યમાં કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપ્યું હતું. દેશના કાપડ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૨૫ ટકા છે. ટેક્સટાઈલ પોલિસી ૨૦૨૪ની આજે જાહેરાત કરવામાં આવી હતી. નવી નીતિનો હેતુ ગ્રામીણ વિસ્તારની મહિલાઓને વધુ પૈસા મળે તે સુનિશ્ચિત કરવાનો છે. ૩૦ હજાર કરોડનું રોકાણ થવાની સંભાવના છે. કપાસ ઉત્પાદકો ખેડૂતો અને યુવાનોને રોજગાર આપશે. નવસારીમાં મેગા ટેક્સટાઈલ પાર્ક બનાવવામાં આવી રહ્યો છે. જૂની ટેક્સટાઈલ પોલિસી ૩૧-ડિસે-૨૦૨૩ ના રોજ પૂરી થઈ હતી. આ પોલિસી ૨૦૧૯માં પાંચ વર્ષ માટે જાહેર કરવામાં આવી હતી. જેમાં કેપિટલ સબસીડીની જોગવાઈ ન હતી. વ્યાજ પર સબસિડી અને વીજળી પર સબસિડી આપવામાં આવી હતી. આ વખતે પહેલીવાર સરકારે કેપિટલ સબસિડી પણ આપી છે તેથી વ્યાજ ઉપરાંત વધારાની સબસિડીના કારણે કાપડના વેપારીઓને ફાયદો થવાની શક્યતા છે. જો આપણે ઉદાહરણ દ્વારા સમજીએ તો, જો કોઈ કાપડ ઉદ્યોગપતિએ કાપડના કારખાનામાં ૧૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હોય, તો સરકાર તેને ૪૦૦ રૂપિયા સબસિડી તરીકે આપશે.



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

## શરદ પૂર્ણિમા...



આસો માસની પૂર્ણિમાને શરદ પૂનમ કે શરદ પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. નવરાત્રીના નવ દિવસ પછી દશેરા આવે છે અને ત્યારબાદ જે પૂનમ આવે છે એને શરદ પૂનમ કહેવામાં આવે છે. શરદ પૂનમના દિવસે ચાંદલિયો આકાશમાં પૂર્ણ અને સોળે કળાએ ખીલીને શીતળ ચાંદની ફેલાવે છે. શરદ પુનમની રાતને રઢિયાળી રાત કહેવામાં આવે છે અને આ રાતનો નજારો ખરેખર માણવા લાયક હોય છે. શરદ પૂર્ણિમા આવ્યા પછી વાતાવરણમાં ધીરેધીરે ઠંડક પ્રસરાવા લાગે છે તેથી મોડી રાતે રજાઈ ઓઢવાની ફરજ પડે છે અને શરદ ઋતુનો પ્રારંભ થાય છે. ગુજરાતી પંચાગ પ્રમાણે બાર મહિનામાં જેટલી પણ પૂનમો આવતી હોય એનાં કરતાં શરદ પૂર્ણિમાનું વજૂદ અને મહત્વ અલાયદું છે. શરદ પૂર્ણિમાને કોશી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે.

શરદ પૂર્ણિમાના દિવસે કલાધર ચંદ્રમા એની સંપૂર્ણ શશીકલાઓ પ્રસારી સોળે કલાએ ખીલી અને દીપી ઉઠે છે. નિરભ્ર આસમાનમાં ચંદ્ર એવો જાજરમાન લાગે છે કે તે ચાંદનીની બારાતમાં જઈ રહ્યો હોય એવો ભાસ લાગે છે. આજના દિવસે ચંદ્રમા સોળે કળાએ ખીલીને શીતળ ચાંદની ફેલાવે છે. શરદપૂર્ણિમાના દિવસે જ ભગવાન શ્રીકૃષ્ણે રાધાજી તથા ગોપીઓ સમેત જમુનાના તટ ઉપર સૂરીલી મધુરી મોરલીના સથવારે આખી રાત રાસલીલા રચાવી હતી. શરદ પૂર્ણિમાને કોજાગરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આપણાં કવિ/લેખકોએ પણ પોતાની રચનાઓમાં શરદપૂનમનો ઉલ્લેખ કરેલ છે.

**" આસો માસો શરદ પુનમની રાત જો, ચાંદલિયો ઊગ્યો રે, સખી મારા ચોકમાં રે."**

**" શરદ પૂનમની ચાંદની હો હો ચાંદની ખીલી છે ભલી ભાતની".**

**"શરદ પૂનમની રાતમાં એક વાર તમને જોયાં હતાં, તમને જોઈને અમે સુખ ચૈન ખોયાં હતાં ".**

**" હો પૂનમની પ્યારી પ્યારી રાત, મારી પ્રિયતમ સાથે છે મુલાકાત, આજે તું ના જાતી".**

**" સાંભળ સહિયર વાતડી ને નૌતમ આસો માસ, શરદ પૂનમની રાતડી ને ચંદ્ર ચઢ્યો આકાશ ".**

**" તમ વિરહમાં વેરણ થઈ ગઈ શરદ પૂનમની રાતડી રે".**

શરદપૂર્ણિમાને માણેકઠારી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. એવી લોકવાયકા છે કે સાગરમાં ખુલ્લું થઈને પડેલું છીપલું, વરસાદનું ટીપું ગ્રહણ કરીને શરદ પૂનમના દિવસે સાચાં મોતીમાં પરિવર્તિત થાય છે. કહેવાય છે કે માત્ર માનસરોવરમાં વસેલાં હંસ જ સાચાં મોતી ખાય છે. શરદ પૂર્ણિમાના દિવસે જ કુલગુરુ વશિષ્ઠે રાજર્ષિ વિશ્વરથમાંથી વિશ્વામિત્ર બનેલાં મુનિશ્રીને પોતાના હાથે બ્રહ્મર્ષિની પદવી આપી હતી. આમ શરદ પૂનમનું મૂલ્ય કોઈ પણ પ્રકારે ઓછું આંકી શકાય નહીં.

**ઘરના મુખ્ય તરીકે એને માન સન્માન મળવું જ જોઈએ પરંતુ એનો અર્થ એ નથી કે એ પોતાની પત્નીની સફળતાને સ્વીકારી ન શકે!**

# આજની યુવા પેઢી જીંદગીભરનું કમિટમેન્ટ સ્વીકારી શકતી નથી, એટલે ડિવોર્સ થાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શારદા પોતાના ટેરેસ ગાર્ડનમાં ઉભી ઉભી શરદ પૂનમના ચાંદને નીરખી રહી હતી, અને મનોમન બોલતી હતી કે ચાંદને શ્યામ સાથે સરખાવવામાં આવ્યો છે, એ સાચું જ છે, જોકે શ્યામ સારું કર્યું તે રાધા સાથે લગ્ન કર્યા નહીં, અને તમારો પ્રેમ અમર રહ્યો, નહીં તો મોટેભાગે લગ્ન પછી પુરુષ પ્રેમી મટીને માત્ર પતિ થઈ જાય છે, તો આજે લોકો અમર પ્રેમને નામે કોને યાદ કરત!**

ભારતીય સમાજમાં અત્યારે સૌથી મોટી બે સમસ્યા છે અને એક છે, તૂટતી જતી લગ્ન સંસ્થા, અને બીજું વધતા જતા છૂટાછેડા. સમસ્યા બે છે પરંતુ કારણ બંનેનું જોઈએ તો એક જ છે સ્ત્રી અને પુરુષ બંને સ્વતંત્ર વિચારના તેમજ અહમવાદી થતા જાય છે અને એને કારણે તેઓ જિંદગીભરનો કમિટમેન્ટ સ્વીકારી શકતા નથી, તો ક્યાંક પ્રેમને નામે લગ્ન તો થાય છે પરંતુ પાછળથી અહમવાદી માનસ એક યા બીજા ની સફળતાને સ્વીકારી શકતો નથી અને એને પરિણામે છૂટાછેડા થઈ જાય છે! આમાં કોઈ વાર કોઈ વગર વાંકે પણ બલીનું બકરો બનતું હોય એવું પણ બને છે, અને એ પાત્રની જિંદગી ખરાબ થઈ જતી જોવા મળે છે. સ્ત્રી અને પુરુષ બંનેની ઈશ્વર ઘડીક અમુક સ્વભાવ છે! એમાં સ્ત્રી સંવેદનશીલ તેમજ મમતામયી હોય જ્યારે પુરુષ થોડો અહમવાદી હોય! ઘરના મુખ્ય તરીકે એને માન સન્માન મળવું જ જોઈએ પરંતુ એનો અર્થ એ નથી કે એ પોતાની પત્નીની સફળતાને સ્વીકારી ન શકે! ભારતીય સિનેમા જગતે પણ આ સમસ્યાને લઈને ઘણી બધી ફિલ્મો બનાવી છે પરંતુ છતાં હજી જોઈએ તેટલું નિવારણ થયું નથી, તો આજે બુધવારની બોધકથા માં આવો જ એક કિસ્સો. શારદા પોતાના ટેરેસ ગાર્ડનમાં ઉભી ઉભી શરદ પૂનમના ચાંદને નીરખી રહી હતી, અને મનોમન બોલતી હતી કે ચાંદને શ્યામ સાથે સરખાવવામાં આવ્યો છે, એ સાચું જ છે, જોકે શ્યામ સારું કર્યું તે રાધા સાથે લગ્ન કર્યા નહીં, અને તમારો પ્રેમ અમર રહ્યો, નહીં તો મોટેભાગે લગ્ન પછી પુરુષ પ્રેમી મટીને માત્ર પતિ થઈ જાય છે. તો આજે લોકો અમર પ્રેમને નામે કોને યાદ કરત! અને શારદા એ શીતળ ચાંદનીમાં ચાંદને જોઈને એક ગરમ ગરમ નિસાસો નાખ્યો. કાશ... શુભેન્દુ મારી સાથે હોત! એનાં દિલે કહ્યું કોને યાદ કરે છે,! એની પાસે તો પ્રેમ કરવા બીજું પાત્ર પણ છે! છતાં એનુ દિલ માનતું નહોતું! પણ એ વાતને હવે દસ વર્ષ વીતી ગયાં, એટલે કે શારદા અને શુભેન્દુના ડીવોર્સ થયે. એક શરદપુનમે જ બન્નેની મુલાકાત થઈ હતી, એટલે સહજ રીતે આજે વધુ યાદ આવે! શારદાની એક ખાસ સહેલી કોકીલા એ દરિયા કિનારા આસપાસ પોતાના ફાર્મહાઉસમાં શરદપૂનમની ગેટ ટુ ગેધર પાર્ટીનું આયોજન કર્યું હતું, અને પોતાના ખાસ મિત્રોને આમંત્રિત કર્યા હતાં, શારદા પણ એમાં



ગઈ હતી, અને શુભેન્દુ પણ ત્યાં આવ્યાં હતાં. શારદા પોતાનાં નામ પ્રમાણે જ ખૂબ જ સુંદર કોકિલ કંઠ ધરાવતી હતી, અને શારદાની સહેલી એટલે કે કોકિલા એ તેને રાતની રંગત જમાવવા માટે પરાણે ગીતો ગવડાવ્યા હતાં. શુભેન્દુ તેની ગાયકી, તેની સાદગી, અને તેના સૌંદર્ય પર પહેલી જ નજરે ન્યોચ્છાવર થઈ ગયાં, અને થોડો વખત બંને ડેટ કરી, સાથે હર્યા ફર્યા બાદ લગ્ન કર્યા. લગ્ન પછી પણ શુભેન્દુ શારદાના કંઠે ગવાયેલા ગીતોનાં આશીક હતા, અને પોતે જ ઘણીવાર ક્યાંક પાર્ટી વગેરેમાં ગીત ગવડાવતા. પરંતુ એકાએક શારદાના ચાહકો વધવા લાગ્યા, અને ક્યાંક કોઈ પ્લેબેક સિંગિંગ માટે પણ તેને દબાણ કરવા લાગ્યા. એકાદ-બે ઓપરચ્યુનિટી પણ મળી, અને પછી તો શારદા પ્લેબેક સિંગર બની ગઈ, અને રાતોરાત શારદા નામનો સિતારો ધરતી પરથી ઉચ્ચે આભમાં ચમકવા લાગ્યો. પરંતુ શારદાને રજમાત્ર અભિમાન થયું નહીં, ઉલટું એ તો આ સફળતાનો શ્રેય શુભેન્દુને આપતી. પણ શુભેન્દુને હવે ક્યાંક ક્યાંક જલન થતી હતી, એટલે કે શારદા માત્ર પોતાની અને પોતાની બની રહે તેવું જ તે ઈચ્છતો હતો, એટલે ગૃહસ્થીમાં નાના નાના ઝઘડા ઓએ મોટું સ્વરૂપ લઈ લીધું. શારદા એ બહુ જ સમજાવ્યા અને પ્લેબેક સિંગીંગ છોડવાની પણ તૈયારી બતાવી, પણ એ માન્યા નહીં, અને એકાએક અહમનો પ્રશ્ન બનાવી ડીવોર્સ પણ લઈ લીધાં. લગ્નને હજી તો આઠ નવ મહિના થયા હશે ત્યાં, છૂટાછેડા પણ થઈ ગયાં. પછી તો શારદાએ પોતાનો અલગ મુકામ વસાવ્યો, અને પાછું ફરીને જોયું જ નહીં એટલી ગાયકીમાં સફળતા પ્રાપ્ત કરી. શુભેન્દુ એ સીધી સાદી બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લીધા, પણ શારદા તો એકલી અટુલી જ રહી ગઈ. આજે તેને વિચાર આવતો હતો કે શું કામ તેણે પ્લેબેક સીંગીંગ માટે હા કરી! ન કરી હોત તો આજે તે પણ તેના પતિ સાથે આ તહેવાર ઉજવતી હોત! બરાબર એ જ સમયે તેના ફ્લેટની ડોર બેલ વાગી, અને તેની સામે રહેતી તેનાથી ૧૦ વર્ષ નાની ઉંમરની અનુરાધા અને અનુરાગ બંને પ્રેમી પંખીડાઓ તેને શરદપુનમ માટે ઈન્વાઈટ કરવા આવ્યા હતાં, તેઓનાં લગ્નને હજી બહું સમય થયો નહતો, અને અનુરાગ અનુરાધા બન્ને અંદરોઅંદર એકબીજાને ખુબ જ પ્રેમ કરતાં હતાં. અચાનક અનુરાધાએ શારદા દીદી તમે ગીત ગાવ એવું કહ્યું, અનુરાગે કહ્યુ કે અનુરાધા પણ સુંદર ગાય છે, તમે બંને જણા ગીત ગાવ, હું સાંભળીશ. શારદાએ નાનકડું એવું ગીત બંનેનું મન રાખવા ગાયું, આમ તો આજે તેને ખાસ કોઈ મૂડ હતો નહીં, અનુરાધા પણ ખરેખર સુંદર ગાતી હતી, અનુરાગે કહ્યુ કે દીદી તમારી તો ખૂબ ઓળખાણ છે, અનુરાધાને પણ ક્યાંક પ્લેબેક સીંગીંગનો ચાન્સ અપાવો ને!! શારદા એ નહીંહીઈઈઈ એમ ચીસ પાડી, અને પછી પોતાના ફ્લેટમાં દોડી ગઈ. અનુરાધા અને અનુરાગને કંઈ સમજાયું નહીં, પણ એટલુ સમજાઈ ગયું કે નક્કી દીદીને આ વાતથી કંઈ તકલીફ થઈ છે. બીજે દિવસે શારદા અનુરાધાનાં ફ્લેટમાં આવે છે, અને કહે છે કે તમે લોકો પૂછતા હતાં ને કે દીદી તમે એકલા શું કામ છો? પરંતુ મારા લગ્ન પછી મેં જે ભૂલ કરી હતી, એ ભૂલ અનુરાધા ન કરે એવું હું ઈચ્છું છું. એટલે કે મારી સુંદર ગાયકીને કારણે મને પ્લેબેક સીંગીંગનો ચાન્સ મળ્યો, અને મારી લોક ચાહના સહન ન થતાં, મારા પતિ એ મને ડિવોર્સ આપી દીધા. એટલે આ સુંદર યુગલમાં કોઈ જાતનો મતભેદ કે મનભેદ થાય તેવું હું ઈચ્છતી નથી, માટે હું દુખી થઈ ગઈ અને મેં ચીસ પાડી. અને મનોમન બોલી કે અનુરાધા લગ્ન પછી પુરુષ માત્ર પતિ રહે છે, પ્રેમ કરવાવાળો એ પ્રેમી તો ક્યાંય છુંછુંછું થઈ જાય છે. સદીઓથી સમાજમાં આવા કારણોસર સ્ત્રીઓ દંડ ભોગવે છે! જેમ એક સ્ત્રી પોતાના પતિને માન સન્માન આપે છે, અને સફળતાનો ગર્વ પણ કરે છે, શું એમ પુરુષ ન કરી શકે! સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધતાં, સ્ત્રીઓની સફળતાનો રેશિયો વધતો જાય છે! ત્યારે બંને પક્ષે બહુ સમજદારી પૂર્વક આ અભિગમ કેળવવો જોઈએ, તો જ આ સમસ્યાનું સમાધાન મળે.

**આપણે તો ગુજરાતી ગરબાઓની રમઝટ વગર થોડું ચાલે? અને શરદ પૂનમ પછી તો દિવાળીના તહેવારોની તૈયારી જ**

# આસો માસો શરદ પૂનમની રાત જો, ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં, શરદ પૂનમની ચાંદની હો હો ચાંદની ખીલી છે ભલી ભાતની



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**શરદ પૂનમને કોજાગરી લોક્ખી (દેવી લક્ષ્મી)ને પૂજા કરવામાં આવે છે, પૂનમ ભલે ગમે ત્યારે શરૂ થતી હોય પણ પૂજા બપોરે બાર વાગ્યા પછી જ શુભ મુહુર્ત માં થાય છે, પૂજામાં લક્ષ્મીજીની મૂર્તિ ઉપરાંત કળશ, ધૂપ, દુર્વા, કમળનું ફૂલ, હતંકી, ધન સંપત્તિ, આરી (નાનૂ સૂંપડુ) અનાજ સિંદૂર અને નારિયળના લાડુનું વિશેષ રૂપે ચઢાવાય છે, આપ કદાચ જાણતા હશો કે જે રીતે ભારતીય સંસ્કૃતિમાં સૂર્યનું વિશેષ મહત્વ છે.**

આ વર્ષે આસો માસની આઠમ દશમ અને પૂનમ અવઢવ વચ્ચે લોકો ઉજવી રહયા છે ત્યારે આજે સોળમી ઓક્ટોબર આવતીકાલે સતરમી ઓક્ટોબર આસો સુદ પૂનમ શરદ પૂનમ છે. કોણ ક્યારે કરશે તે વિશે અલગ અલગ મતમતાંતર છે પરંતુ છેવટે તો બધાને તાલાવેલી છે કે રાસ ગરબાની રમઝટ બે દિવસ જામશે કે કેમ? આપણે તો ગુજરાતી ગરબાઓની રમઝટ વગર થોડું ચાલે ? અને શરદ પૂનમ પછી તો દિવાળીના તહેવારોની તૈયારી જ. દર વર્ષે આસો માસના સુદ પક્ષની ચતુર્દશી તિથિના રોજ શરદ પૂર્ણિમા ઉજવાય છે. આ દિવસે ધનની દેવી લક્ષ્મી અને ભગવાન વિષ્ણુની પૂજા કરવાની પરંપરા છે. હિન્દુ ધર્મમાં શરદ પૂર્ણિમાની રાતને ખૂબ ખાસ માનવામાં આવે છે.કારણકે આ રાત્રે ચંદ્રમાં સંપૂર્ણ રીતે ચમકે છે.એટલે કે ચંદ્રમાં સોળ કળાઓથી પરિપૂર્ણ થાય છે.આ દિવસે વ્રત કરવાથી વ્યક્તિને સુખ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.એવુ માનવામાં આવે છે કે શરદ પૂર્ણિમા પર પૂજા કરવાથી ઘરમાં સૌભાગ્ય અને સમૃદ્ધિ આવે છે અને ચાંદની રાતમા ખીર મુકીને ખાવાથી સ્વાસ્થ્ય લાભ થાય છે. આ દિવસે મંદિરના દર્શન કરવાથી તમારુ મન શાંત થશે. શરદ પૂર્ણિમા આધ્યાત્મિકવિકાસ માટે એક સારી તક છે. શરદ પૂર્ણિમા ૨૦૨૪ તિથિ આસો માસની પૂર્ણિમા તિથિની શરૂઆત ૧૬મી ઓક્ટોબર રાત્રે આઠ વાગી ને ચાલીસ મિનિટ પર આસો માસ ની પૂર્ણિમા તિથિ સમાપ્ત- સતર ઓક્ટોબર સાંજે ચાર વાગીને પંચાવન મિનિટ પર શરદ પૂર્ણિમા નો તહેવાર સોળ ઓક્ટોબરના રોજ ઉજવાશે. ચંદ્રોદયનો સમય પાંચ વાગીને પાંચ મિનિટ રહેશે. શરદ પૂર્ણિમાના દિવસે શુ કરવુ ? ચંદ્રમાને જળ ચઢાવો અને મંત્રોનો જાપ કરો દેવી લક્ષ્મીની પૂજા કરો અને ધન માટે પ્રાર્થના કરો ઘરમાં દિવો પ્રગટાવો,તેનાથી ઘરમાં સકારાત્મક ઉર્જા આવશે દેવી લક્ષ્મી અને ભગવાન વિષ્ણુના મંત્રોનો જાપ



કરો ધાર્મિક ગ્રં વાંચો ગરીબોને દાન કરો. શરદ પૂર્ણિમા ના દિવસે ન કરશો આ કામ નકાત્મક વિચારોને તમારા મનમાં ન આવવા દો કોઈની સાથે વિવાદ ન કરો ક્રોધ ન કરો તમારે ખોટુ બોલવાનુ નથી. આ વાતો પર વિશેષ ધ્યાન આપો.શરદ પૂર્ણિમા ના દિવસે ભૂલથી પણ તામસિક ભોજન ન કરો. આ દિવસે લસણ અને ડુંગળીનુ સેવન પણ વર્જિત છે. આ દિવસે કાળા રંગનો પ્રયોગ ન કરો અને કાળા કપડા ન પહેરો. ચમકીલા સફેદ કપડા પહેરો તો સારુ રહેશે.શરદ પૂર્ણિમા પર ચંદ્રમાની રોશનીમાં મુકેલી ખીર ખાવાનુ વિશેષ મહત્વ હોય છે. શરદ પૂર્ણિમાની રાત્રે ચંદ્રમાની રોશનીમાં મુકેલી ખીરનો નૈવેદ્ય લગાવવા ની પરંપરા છે. એવુ માનવામાં આવેછેકે ચંદ્રમાની કિરણોના પ્રભાવથી ખીરનુ અમૃત રસ તેમા ભળી જાય છે. ખીરને કાંચ, માટી કે ચાંદીના વાસણમાં જ મુકો. અન્ય ધાતોનો પ્રયોગ ન કરો.શરદ પૂર્ણિમાના દિવસે ઘરમાં કોઈ પણ પ્રકારનો ઝગડો કે ક્લેશ ન થવો જોઈએ. તેનાથી ઘરમાં દરિદ્રતા આવે છે. પ્રાચીનકાળથી શરદ પૂનમને ખૂબ જ મહત્વપૂર્ણ તહેવાર માનવામાં આવે છે.શરદ પૂનમથી હેમંતઋતુ ની શરૂઆત થાય છે.પૌરાણિક માન્યતાઓ અને શરદઋતુ,પૂર્ણા કાર ચંદ્રમાં,સંસાર ભરમાં ઉત્સવ નું વાતાવરણ... ગરબાની વિશેષ રમઝટ,એટલ જ શરદ પૂનમ. આ દિવસે સૌ કોઈ રાહ જુએ છે એ સમયનો જ્યારે ચંદ્ર સોળ કળાએ ખીલીને ધરતી પર અમૃત વરસાવે છે. વર્ષા ઋતુની વિદાય અને શરદ ઋતુના બાળ સ્વરૂપનુ આ સુંદર દ્રશ્ય દરેકનું મન મોહી લે છે. પ્રાચીનકાળથી શરદ પૂનમને ખૂબ જ મહત્વપૂર્ણ તહેવાર માનવામાં આવે છે.શરદ પૂનમથી હેમંત ઋતુ ની શરૂઆત થાય છે. તેનું મહત્વ અને ઉલ્લાસના રીત-ભાતના સંબંધે જ્યોતિષાચાર્ય શાસ્ત્રીના મુજબ શરદ પૂનમનું મહત્વ શાસ્ત્રોમાં વર્ણિત છે. એ બતાવે છે આ રાતનો ચંદ્રમાં પોતાની સમસ્ત કળાઓની સાથે હોય છે અને ધરતી પર અમૃત વરસાવે છે. રાત્રે બાર વાગે થનારી આ અમૃત વર્ષાનો લાભ માનવને મળે એ જ ઉદ્દેશ્યથી ચંદ્રોદયના સમયે ચાંદના પ્રકાશ નીચે ખીર કે દૂધ મુકવામાં આવે છે, જેનુ સેવન રાત્રે બાર વાગ્યા પછી કરવામાં આવે છે. એવુ કહેવાય છે કે ચંદ્રની અમૃત વર્ષા નીચે મુકેલી આ ખીરથી રોગી રોગ મુક્ત પણ થાય છે.આ ઉપરાંત ખીર દેવતાઓનું પ્રિય ભોજન પણ છે. શરદ પૂનમને કોજાગરી લોક્ખી (દેવી લક્ષ્મી)ને પૂજા કરવામાં આવે છ. પૂનમ ભલે ગમે ત્યારે શરૂ થતી હોય પણ પૂજા બપોરે બાર વાગ્યા પછી જ શુભ મુહુર્તમાં થાય છે.પૂજામાં લક્ષ્મીજીની મૂર્તિ ઉપરાંત કળશ,ધૂપ,દુર્વા, કમળનું ફૂલ,હતંકી,ધન સંપત્તિ, આરી (નાનૂ સૂંપડુ)અનાજ સિંદૂર અને નારિયળના લાડુનું વિશેષ રૂપે ચઢાવાય છે. આપ કદાચ જાણતા હશો કે જે રીતે ભારતીય સંસ્કૃતિમાં સૂર્યનું વિશેષ મહત્વ છે એ જ રીતે ગ્રીક અને રોમનમાં પૂનમનાં ચંદ્રનું વિશેષ મહત્વ છે. સોળ કળાએ ખીલેલી ચાંદની રાતને ફૂલ મૂન નાઈટ કહેવામાં આવે છે. હિન્દુ ધર્મમાં શરદ પૂનમનું ખાસ મહત્વ રહેલું છે. આસો માસની પૂર્ણિમાના દિવસને શરદ પૂનમ કહે છે.આ વર્ષે બુધવારે સોળ- સત્તરમી ઓક્ટોબરના રોજ શરદ પૂનમ છે. પૌરાણિક કથાઓ મુજબ સમુદ્ર મંથન દરમિયાન શરદ પૂનમના દિવસેમાં લક્ષ્મી પ્રગટ થયા હતા. માનવામાં આવે છે કે,આ દિવસે માતા લક્ષ્મી ધરતી પર આવે છે અને તેમના ભક્તો પર કૃપા વરસાવે છે. શરદ પૂનમને કોજાગરી પૂનમ, કૌમુદી વ્રત જેવા નામથી પણ ઓળખવા માં આવે છે. આ દિવસે દેશમાં અનેક સ્થળોએ માતા લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. ધાર્મિક આસ્થા અનુસાર શરદ પૂનમની રાત્રે ચંદ્ર પોતાની સોળ કળાઓ થી ધરતી ઉપર અમૃતની વર્ષા કરે છે. આ દિવસે લક્ષ્મીની વિશેષ પૂજા કરવામાં આવે છે અને કૌમુદ્રી વ્રત રાખવામાં આવે છે. શરદ પૂનમથી શિયાળાની શરૂઆત થાય છે.આ દિવસે માતા લક્ષ્મી અને ભગવાન વિષ્ણુની વિશેષ કૃપા પ્રાપ્ત કરવા માટે વ્રત કરવામાં આવે છે. માનવામાં આવે છેકે,શરદપૂનમની રાત્રે કેટલાક ઉપાય કરવાથી માતા લક્ષ્મી પ્રસન્ન થાય અને આશીર્વાદ પ્રદાન કરે છે. શરદ પૂનમની રાત્રે શું ઉપાય કરવા જોઈએ તે અંગે અહીંયા વિગત વાર જાણકારી આપવામાં આવી છે. માતા લક્ષ્મી ને પ્રસન્ન કરવા માટે શરદપૂનમના દિવસે જાગરણ કરો કહેવામાં આવે છે કે,આ દિવસે જે વ્યક્તિ લક્ષ્મી સ્તોત્રનો પાઠ, કનકધારા સ્તોત્રનો પાઠ, વિષ્ણુ સહસ્ત્ર નામ નો પાઠ કરવો જોઈએ. જેનાથી માતા લક્ષ્મી ધન અને ધાન્યની કૃપા વરસાવે છે. વાચક ચાહક મિત્રો, આજે -આવતી કાલે શરદ પૂનમ છે. સૌને માટે શ્રેષ્ઠ નિવડો તેવી શુભેચ્છા પાઠવું છું.

## મલ્લિકાનો વેલકમ ફિલ્મને લઈને ચોંકાવનારો ખુલાસો

બોલિવૂડ અભિનેત્રી મલ્લિકા શેરાવતે ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યુ છે. જયારે હવે મલ્લિકા શેરાવતે તાજેતરમાં રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી અભિનિત ફિલ્મ 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો' સાથે ફરી વાપસી કરી છે. આ દરમિયાન એક ઈન્ટરવ્યૂમાં મલ્લિકાએ વેલકમ ફિલ્મનો એક કિસ્સો પણ શેર કર્યો હતો. લાંબા સમય પછી સિલ્વર સ્ક્રીન પર પાછા ફર્યા પછી, એક ઈન્ટરવ્યૂમાં મલ્લિકાએ અહીં સુધી પહોંચવાની પોતાની સફર વિષે વાત કરી હતી. આ સાથે જ અભિનેત્રીએ વેલકમ ફિલ્મનો એક રમૂજી કિસ્સો પણ શેર કર્યો હતો. જેમાં ફિલ્મમાં પોતાના કો-સ્ટાર્સ અનિલ કપૂર અને નાના પાટેકર સાથે કામ કરવાનો પોતાનો અનુભવ પણ શેર કરતા અભિનેત્રીએ જણાવ્યું હતું કે, 'વેલકમના શૂટિંગમાં મને ખૂબ મજા આવી, અનિલ અને નાના બંને મારા માટે શાબ્દિક લડાઈ લડી રહ્યા હતા. તેઓ મારું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરતા હતા. કલ્પના કરો મને કેટલું ઈમ્પ ોર્ટન્ટ ફિલ થતું હશે! તે એક અદ્ભુત માણસ છે અને એક અભિનેતા તરીકે અદભુત એનર્જી ધરાવે છે.' ૨૦૦૭માં રિલીઝ થયેલી ફિલ્મ વેલકમ એક કોમેડી ફિલ્મ હતી. જે એક મલ્ટીસ્ટારર ફિલ્મ હતી. જેમાં અક્ષય કુમાર, કેટરીના કૈફ, અનિલ કપૂર, નાના પાટેકર, મલ્લિકા શેરાવત અને પરેશ રાવલ જેમાં મોટા કલાકારોએ કામ કર્યું હતું. આ ફિલ્મ ૨૦૦૦ ના દાયકાના અંતમાં બોલિવૂડની સૌથી આઈકોનિક કોમેડી બની હતી.



## એક્ટર અને કોમેડિયન અતુલ પરચુરેનું નિધન, ઘણા સમયથી કેન્સરથી પીડિત હતા

### ગયા વર્ષે ડોક્ટરોને તેમના લીવરમાં ૫ સેમીની ટ્યુમર મળી હતી

પ્રખ્યાત મરાઠી અભિનેતા અને કોમેડિયન અતુલ પરચુરેનું નિધન થયું છે. તેઓ ૫૭ વર્ષના હતા. અતુલ પરચુરેના મૃત્યુનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. જ્યારે તેઓ મરાઠી ફિલ્મો અને થિયેટરમાં લોકપ્રિય હતા, ત્યારે તેઓ બોલિવૂડ ફિલ્મોમાં પણ લોકપ્રિય ચહેરો હતા. તેણે શાહરૂખ ખાનની 'બિલ્લુ', સલમાન ખાનની 'પાર્ટનર' અને અજય દેવગનની 'ઓલ ધ બેસ્ટ' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. જો કે, અતુલ પરચુરેના પરિવારે હજુ સુધી તેમના મૃત્યુ અંગે કોઈ નિવેદન જારી કર્યું નથી. અતુલના નિધનના સમાચાર કેન્સરથી પીડાતા હોવાના સમાચારના લગભગ એક વર્ષ પછી આવ્યા છે. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, ગત વર્ષે એક યુટ્યુબ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં અતુલે જણાવ્યું હતું કે ગયા વર્ષે ડોક્ટરોને તેમના લીવરમાં ૫ સેમીની ટ્યુમર મળી હતી. અભિનેતાએ ગયા વર્ષે કહ્યું હતું કે, મારા લગ્નને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. અમે ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ગયા ત્યારે હું ઠીક હતો. પરંતુ થોડા દિવસો પછી, હું કંઈપણ ખાવા માટે સક્ષમ ન હતો. હું જાણતો હતો કે કંઈક ખોટું હતું. મારા ભાઈએ પછીથી મને કેટલીક દવાઓ આપી, પરંતુ તેનાથી ફાયદો થયો નહીં. ઘણા ડોકટરોની મુલાકાત લીધા પછી, મને અલ્ટ્રાસોનોગ્રાફી કરાવવાનું કહેવામાં આવ્યું. જ્યારે ડૉક્ટરે આ કર્યું, ત્યારે મેં તેમની આંખોમાં ડર જોયો અને મને લાગ્યું કે કંઈક ખોટું છે. મને કહેવામાં આવ્યું કે મારા લીવરમાં લગભગ ૫ સેમી લાંબી ગાંઠ છે અને તે કેન્સર છે. મેં તેમને પૂછ્યું કે હું ઠીક થઈશ કે નહીં, અને તેમણે કહ્યું, 'હા તમે ઠીક થઈ જશો.' અતુલે તે સમયે કહ્યું હતું કે તેમની ખોટી સારવાર કરવામાં આવી હતી અને તે પછી તેમની તબિયત સતત બગડતી રહી હતી. તેમણે કહ્યું કે, તપાસ બાદ મારી પ્રથમ સારવાર ખોટી પડી હતી. મારા સ્વાદુપિંડને અસર થઈ અને મને તકલીફ થવા લાગી. ખોટી સારવારથી સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી. હું ચાલી પણ શકતો ન હતો. આવી સ્થિતિમાં ડોક્ટરે મને દોઢ મહિના રાહ જોવાનું કહ્યું. તેમણે કહ્યું કે જો તેઓ સર્જરી કરાવશે તો વર્ષો સુધી કમળો થશે અને મારા લીવરમાં પાણી ભરાઈ જશે અથવા તો હું બચી શકીશ નહીં. બાદમાં મેં ડોકટરો બદલ્યા અને યોગ્ય દવા અને કીમોથેરાપી લીધી. મરાઠી અભિનેતા જયવંત વાડકરે અતુલના મૃત્યુ પર પ્રતિક્રિયા આપી છે. તેઓ અતુલને બાળપણથી ઓળખતા છે. અભિનેતાએ 'ABP Mazha' ને જણાવ્યું કે અતુલ મરાઠી નાટક 'સૂર્યાચી પિલ્લઈ'માં જોવા મળવાના હતા. તેઓ સાથે રિહર્સલ કરી રહ્યા હતા, પરંતુ અતુલને પાંચ દિવસ પહેલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.



## ફિલ્મોમાં સુંદરતાના માપદંડ સાવ પોકળઃ ભૂમિ પેડનેકર

એક્ટિંગ ઉપરાંત ફેશન ઈન્ડસ્ટ્રીમાં સક્રિય રહેનારી ભૂમિ પેડનેકરના ઓપિનિયન પણ ટ્રેન્ડથી અલગ રહેતા હોય છે. ભૂમિએ તાજેતરમાં એક ફેશન શો દરમિયાન જણાવ્યુ હતું કે, ફેશન અને બ્યુટી ઉપરાંત અનેક બાબતોમાં બેન્ચમાર્ક સેટ કરવામાં ફિલ્મો મહત્ત્વનો ભાગ ભજવે છે. સિનેમા સંખ્યાબંધ લોકોને પ્રભાવિત કરે છે. તેનો યોગ્ય રીતે ઉપયોગ થાય તો ઘણાં સકારાત્મક પરિણામ મળી શકે છે. જો કે વર્ષોથી ફિલ્મોમાં સુંદરતાના સાવ પોકળ અને અવાસ્તવિક માપદંડ રખાયા હોવાનું મારું માનવું છે. ભૂમિએ ફેશનને સેલ્ફ એક્સપ્રેશનનું માધ્યમ ગણાવી હતી. ફેશનના કારણે એમ્પાવરમેન્ટ થવું જોઈએ અને વ્યક્તિને મજા આવવી જોઈએ. ભૂમિ પેડનેકરે ૨૦૧૫ના વર્ષમાં 'દમ લગા કે હઈશા'થી બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતું. વર્ષોની આ સફરમાં ફેશન અને બ્યૂટી બાબતે પોતાનો ટેસ્ટ બદલાયો હોવાનું ભૂમિએ સ્વીકાર્યુ હતું. ભૂમિએ કહ્યું હતું કે, સારો ટેસ્ટ ધરાવતા લોકોને મળવા માત્રથી પણ ઘણાં પરિવર્તન આવતાં હોય છે. ફેશનને સ્વીકારવામાં ક્યારેક શરમ નડી જતી હોય છે, પરંતુ આવી શરમ છોડી ફેશનને એન્જોય કરવી જોઈએ. ભૂમિ પેડનેકર સસ્ટેનેબલ ફેશન ઉપરાંત પર્યાવરણપ્રેમને પ્રમોટ કરતી હોય છે. ફેશન ઈન્ડસ્ટ્રીના કારણે સૌથી વધુ પ્રદૂષણ ફેલાતું હોવાથી આ ક્ષેત્રમાં સસ્ટેનેબલ ફેશનની જરૂર હોવાનું ભૂમિ માને છે.



## રજનીકાંત આમિર ખાન 30 વર્ષ પછી સ્ક્રીન શેર કરશે

### 'કૂલી' ફિલ્મ લોકેશ કનગરાજ બનાવી રહ્યો છે, તેમાં નાગાર્જુન, શ્રુતિ હસન અને સત્યરાજ સહિતના કલાકારો છે

રજનીકાંત અને આમિર ખાન આશરે ૩૦ વર્ષ પછી પહેલીવાર રજનીકાંતની આગામી ફિલ્મ 'કૂલી'માં સ્ક્રીન શેર કરવાના છે. આ ફિલ્મમાં આમિર ખાન એક કેમિયો કરી રહ્યો હોવાનું કન્ફર્મ થઈ ગયું છે. આમિર ખાન અને રજનીકાંત ૧૯૯૫માં આવેલી 'આતંક હી આતંક' ફિલ્મમાં સાથે દેખાયા હતા. 'કૂલી' ફિલ્મ લોકેશ કનગરાજ બનાવી રહ્યો છે. તેમાં નાગાર્જુન, શુતિ હસન અને સત્યરાજ સહિતના કલાકારો છે. રજનીકાંતની આ ૧૭૧મી ફિલ્મ હશે. ફિલ્મનું આગામી શિડયૂલ આ સપ્તાહમાં ચેન્નઈમાં શરુ થવાનું છે. ત્યારે આમિર ખાન ચેન્નઈમાં પોતાના કેમિયોનું શૂટિંગ કરે તેવી સંભાવના છે. 'કૂલી' ફિલ્મ લોકેશ કનગરાજ બનાવી રહ્યો છે, તેમાં નાગાર્જુન, શ્રુતિ હસન અને સત્યરાજ સહિતના કલાકારો છે લોકેશ કનગરાજે આમિર માટે એક ખાસ પાત્ર ઊભું કર્યું છે અને આમિર તથા રજનીકાંત થોડા સમય માટે પણ અસરકારક અસર ઊભી કરે તેવો સીન લખ્યો છે. જોકે, આમિર ચોક્કસ કયો રોલ ભજવી રહ્યો છે તે હજુ જાહેર કરાયું નથી.



## હિના ખાને તેની છેલ્લી બચેલી પાંપણનો ફોટો શેર કર્યો

### કેહિનાએ એમ પણ લખ્યું છે કે, મેં એક દાયકા કે વધુ સમયથી નકલી પાંપણો પહેરી નથી પરંતુ હવે મારે મારા શૂટ માટે પહેરવી પડશે



હિના ખાને તેની કેન્સર સામેની લડાઈ વચ્ચે વધુ એક ભાવનાત્મક પરંતુ પ્રેરક પોસ્ટ શેર કરી છે. તેણે તેની છેલ્લી બાકી રહેલી પાંપણની તસવીર પોસ્ટ કરી છે. આ સમયે તેની પ્રેરણા શું છે તે પણ જણાવ્યું. હિનાએ લખ્યું છે કે કીમોથેરાપીના કારણે તેની તમામ પાંપણો ખરી ગઈ છે અને માત્ર એક જ બાકી છે. આશા છે કે ટૂંક સમયમાં બધું સારું થઈ જશે. હિના ખાન કેન્સર સામેની લડાઈ ખૂબ હિંમતથી લડી રહી છે. સારવાર દરમિયાન પણ તેણે કામ કરવાનું બંધ કર્યું નથી અને સોશિયલ મીડિયા પર હેલ્થ અપ ડેટ્સ પણ આપતી રહે છે. હાલમાં જ તેણે પોતાની આંખની તસવીર શેર કરી છે. તેમાં માત્ર એક જ પાંપણ દેખાય છે. હિનાએ આ સાથે કેપ્શન લખ્યું છે કે, જાણવા માંગુ છું, આ સમયે મારી પ્રેરણાનો સ્ત્રોત શું છે? કેહિનાએ એમ પણ લખ્યું છે કે, મેં એક દાયકા કે વધુ સમયથી નકલી પાંપણો પહેરી નથી પરંતુ હવે મારે મારા શૂટ માટે પહેરવી પડશે આ બહાદુર, એકલો સૈનિક, અનેક જિનેટિકલી લાંબી પાંપણો સાથે જે એક સમયે મારી આંખોને શોભાવતી હતી, મારી છેલ્લી બચેલી પાંપણ, બધી મુશ્કેલીઓ સામે લડ્યા પછી મારી સાથે છે. હું કીમોના છેલ્લા ચક્રની નજીક છું, તેથી આ છેલ્લી પાંપણ મારી પ્રેરણા છે. આપણે આ પણ અંત સુધી જોઈશું. ઈન્શાઅલ્લાહ આપણે ચોક્કસ જોઈશું. હિનાએ એમ પણ લખ્યું છે કે, મેં એક દાયકા કે વધુ સમયથી નકલી પાંપણો પહેરી નથી પરંતુ હવે મારે મારા શૂટ માટે પહેરવી પડશે.

### યુઝર્સે સોશિયલ મીડિયા પર કરી ટ્રોલ

## મુંબઈ મેટ્રોમાં ગરબા ગીત ગાતા ખેલૈયાઓ પર ભડકી પૂજા ભટ્ટ

નવરાત્રિ નિમિત્તે દેશભરમાં ગરબાનો માહોલ જોવા મળ્યો હતો. આવું જ એક દૃશ્ય મુંબઈ મેટ્રોમાં પણ જોવા મળ્યું, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. હવે આ વીડિયોને લઈને બોલિવૂડ એક્ટ્રેસ પૂજા ભટ્ટ ગુસ્સામાં છે. અભિનેત્રીએ સાર્વજનિક સ્થળે આવા વર્તનની યોગ્યતા પર સવાલ ઉઠાવ્યા છે. મુંબઈ મેટ્રોમાં લોકોને ગરબા ગીત અને જય શ્રી રામના નારા ગાતા ખેલૈયાઓનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેને જોઈને પૂજા ભટ્ટ ગુસ્સે થઈ ગઈ હતી. તેણે આ વીડિયો રિટ્વીટ કર્યો અને લખ્યું કે, 'સાર્વજનિક સ્થળ પર આની મંજૂરી કેવી રીતે આપવામાં આવી? પછી તે હિંદુત્વ પૉપ હોય, ક્રિસમસ કેરોલ્સ હોય, બોલિવૂડ બ્લોકબસ્ટર હોય કે બીજું કંઈ. જાહેર સ્થળનો આ રીતે દુરુપયોગ થવો જોઈએ નહીં.' હવે પૂજાની પોસ્ટ પર ઘણાં લોકો કોમેન્ટ કરી રહ્યા છે. ઘણાં લોકો પૂજાને ટ્રોલ કરી રહ્યા છે તો કેટલાકે તેને સપોર્ટ પણ કર્યો છે. બીજી પોસ્ટમાં પૂજાએ કહ્યું, 'જો આપણે મૂળભૂત નિયમોનું પાલન ન કરી શકીએ તો ખરા અર્થમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની કોઈ આશા નથી. તમામ રાજકીય પક્ષોના ગેરકાયદે હોર્ડિંગ્સ શહેરને અપવિત્ર કરે છે, મેટ્રોને પાર્ટી ઝોનમાં ફેરવવામાં આવી રહી છે. હુમલાખોરો દ્વારા કવર તરીકે ઉપયોગમાં લેવાતા રસ્તાની વચ્ચે ફટાકડા ફોડવામાં આવી રહ્યા છે.' પૂજાની આ પોસ્ટ પર ઘણાં લોકો કોમેન્ટ કરી રહ્યા છે. જેમાં અમુક લોકો તેનો સપોર્ટ કરી રહ્યા છે તો અમુક અભિનેત્રીને ટ્રોલ પણ કરી રહ્યા છે.






### સિંઘમ સામે મુકાબલામાં ઉતરતા પહેલાં સાવચેતી વધારી

## 'હું સિંઘમ અગેઈન જોઈશ, તમે પણ ભૂલ ભુલૈયા 3 જોજો': કાર્તિક આર્યન

### કાર્તિકની 'ભૂલ ભુલૈયા 3' અને અજયની સિંઘમ અગેઈન ૧ નવેમ્બરે રિલીઝ થવાની છે અને તે દિવસે દિવાળી વેકેશનનો માહોલ પણ છે

કરણ જોહરે પ્રોડ્યુસ કરેલી 'જિગરા'ને બોક્સઓફિસ પર ઠંડો રિસ્પોન્સ મળી રહ્યો છે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ અને આલિયા-વેદાંગની એક્ટિંગના વખાણ થઈ રહ્યાં છે, પરંતુ જાણીતાં ફિલ્મ મેકર-એક્ટર દિવ્યા ખોસલાએ 'જિગરા'ને પોતાની ફિલ્મની બેઠી ઊઠાંતરી ગણાવી છે. ટી-સિરીઝનાં માલિક ભુષણ કુમારનાં પત્ની અને એક્ટર દિવ્યા ખોસલાના આક્ષેપો બાદ કરણ જોહરે કોઈ ખુલાસો કર્યો નથી, પરંતુ મૂર્ખ લોકોની વાતોનો અસરકારક જવાબ મૌનમાં હોવાનું કહ્યું છે. દિવ્યા ખોસલાની ફિલ્મ 'સાવી' મે મહિનામાં રિલીઝ થઈ હતી, પણ ખાસ ચાલી ન હતી. હર્ષવર્ધન રાણે અને અનિલ કપૂરનો લીડ રોલ ધરાવતી 'સાવી'ને સત્યવાન-સાવિત્રીની કથાના આધારે બનાવવામાં આવી હતી. આ ફિલ્મમાં ઈંગ્લેન્ડની હાઈ સિક્યુરિટી જેલમાં પૂરાયેલા પતિને મુક્ત કરાવવા પ્રયાસ કરતી મહિલાની સ્ટોરી છે. જ્યારે જિગરામાં આલિયાએ પોતાના ભાઈને બચાવવા જેલમાં ભાગવાનું નક્કી કરેલું છે. 'જિગરા' રિલીઝ થયા પછી આ બંને ફિલ્મો વચ્ચેની સમાનતા અંગે ચર્ચાઓ શરૂ થઈ હતી. દિવ્યાએ સીધી રીતે 'જિગરા'નો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ આ જોનરમાં ફિલ્મ બનાવવાની પહેલ કરનાર વ્યક્તિ તરીકે પોતાને ઓળખાવવા બદલ લોકોનો આભાર માન્યો હતો. દિવ્યા ખોસલાના આરોપો સીધા 'જિગરા' અને કરણ જોહર પર હોવાનું દરેકને લાગ્યું હતું. આ વિવાદને હવા આપવાનું કામ કરણ જોહરની એક સાંકેતિક પોસ્ટમાં થયું છે. જેમાં કરણ જોહરે જણાવ્યુ હતું કે, મૂર્ખ લોકોને સૌથી સારો જવાબ મૂક રહીને આપી શકાય છે. કરણ જોહરે પોતાની પોસ્ટમાં દિવ્યા ખોસલાનું નામ લીધું ન હતું, પરંતુ કરણની પોસ્ટનો ટાઈમિંગનો સીધો સંકેત 'જિગરા' તરફ હોવાનું સ્પષ્ટ હતું. કરણના આ ખુલાસા બાદ દિવ્યા ખોસલાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં ખુલીને સણસણતો જવાબ આપ્યો છે. દિવ્યાએ કહ્યું હતું કે, કોઈ વ્યક્તિ નફ્ફટ બની અન્ય લોકોની વસ્તુઓ ચોરી જતી હોય તો તેણે હંમેશા ચૂપ જ રહેવું પડે છે. જે વ્યક્તિમાં નૈતિકતા ન હોય, તેનો કોઈ અવાજ પણ ન હોય. આલિયા ભટ્ટ અને વેદાંગ રૈનાનો લીડ રોલ ધરાવતી 'જિગરા' ૧૧ ઓક્ટોબરે રિલીઝ થઈ હતી. ફિલ્મના બોક્સઓફિસ આંકડા પણ ઉપજાવી કાઢેલા હોવાનું દિવ્યા ખોસલાને લાગે છે. તેમણે કહ્યું હતું કે, જિગરાના શો માટે પીવીઆર થીયેટરમાં ગઈ હતી. દરેક થીયેટરમાં તેના શો ખાલી જાય છે. આલિયા ભટ્ટ કે પાસ સચ મેં બહોત બડા જિગરા હૈ.




### ફિલ્મ 'જિગરા' ૧૧ ઓક્ટોબરે રિલીઝ થઈ હતી

## આલિયા ભટ્ટની 'જિગરા'માં મારી 'સાવી'ની નકલઃ દિવ્યા ખોસલા

### કરણ જોહરે 'સાઈલેન્સ'ને બેસ્ટ આન્સર ગણાવ્યા બાદ દિવ્યાએ બોક્સઓફિસ કલેક્શનના આંકડા સામે સવાલ ઊભાં કર્યા હતા

કરણ જોહરે પ્રોડ્યુસ કરેલી 'જિગરા'ને બોક્સઓફિસ પર ઠંડો રિસ્પોન્સ મળી રહ્યો છે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ અને આલિયા-વેદાંગની એક્ટિંગના વખાણ થઈ રહ્યાં છે, પરંતુ જાણીતાં ફિલ્મ મેકર-એક્ટર દિવ્યા ખોસલાએ 'જિગરા'ને પોતાની ફિલ્મની બેઠી ઊઠાંતરી ગણાવી છે. ટી-સિરીઝનાં માલિક ભુષણ કુમારનાં પત્ની અને એક્ટર દિવ્યા ખોસલાના આક્ષેપો બાદ કરણ જોહરે કોઈ ખુલાસો કર્યો નથી, પરંતુ મૂર્ખ લોકોની વાતોનો અસરકારક જવાબ મૌનમાં હોવાનું કહ્યું છે. દિવ્યા ખોસલાની ફિલ્મ 'સાવી' મે મહિનામાં રિલીઝ થઈ હતી, પણ ખાસ ચાલી ન હતી. હર્ષવર્ધન રાણે અને અનિલ કપૂરનો લીડ રોલ ધરાવતી 'સાવી'ને સત્યવાન-સાવિત્રીની કથાના આધારે બનાવવામાં આવી હતી. આ ફિલ્મમાં ઈંગ્લેન્ડની હાઈ સિક્યુરિટી જેલમાં પૂરાયેલા પતિને મુક્ત કરાવવા પ્રયાસ કરતી મહિલાની સ્ટોરી છે. જ્યારે જિગરામાં આલિયાએ પોતાના ભાઈને બચાવવા જેલમાં ભાગવાનું નક્કી કરેલું છે. 'જિગરા' રિલીઝ થયા પછી આ બંને ફિલ્મો વચ્ચેની સમાનતા અંગે ચર્ચાઓ શરૂ થઈ હતી. દિવ્યાએ સીધી રીતે 'જિગરા'નો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ આ જોનરમાં ફિલ્મ બનાવવાની પહેલ કરનાર વ્યક્તિ તરીકે પોતાને ઓળખાવવા બદલ લોકોનો આભાર માન્યો હતો. દિવ્યા ખોસલાના આરોપો સીધા 'જિગરા' અને કરણ જોહર પર હોવાનું દરેકને લાગ્યું હતું. આ વિવાદને હવા આપવાનું કામ કરણ જોહરની એક સાંકેતિક પોસ્ટમાં થયું છે. જેમાં કરણ જોહરે જણાવ્યુ હતું કે, મૂર્ખ લોકોને સૌથી સારો જવાબ મૂક રહીને આપી શકાય છે. કરણ જોહરે પોતાની પોસ્ટમાં દિવ્યા ખોસલાનું નામ લીધું ન હતું, પરંતુ કરણની પોસ્ટનો ટાઈમિંગનો સીધો સંકેત 'જિગરા' તરફ હોવાનું સ્પષ્ટ હતું. કરણના આ ખુલાસા બાદ દિવ્યા ખોસલાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં ખુલીને સણસણતો જવાબ આપ્યો છે. દિવ્યાએ કહ્યું હતું કે, કોઈ વ્યક્તિ નફ્ફટ બની અન્ય લોકોની વસ્તુઓ ચોરી જતી હોય તો તેણે હંમેશા ચૂપ જ રહેવું પડે છે. જે વ્યક્તિમાં નૈતિકતા ન હોય, તેનો કોઈ અવાજ પણ ન હોય. આલિયા ભટ્ટ અને વેદાંગ રૈનાનો લીડ રોલ ધરાવતી 'જિગરા' ૧૧ ઓક્ટોબરે રિલીઝ થઈ હતી. ફિલ્મના બોક્સઓફિસ આંકડા પણ ઉપજાવી કાઢેલા હોવાનું દિવ્યા ખોસલાને લાગે છે. તેમણે કહ્યું હતું કે, જિગરાના શો માટે પીવીઆર થીયેટરમાં ગઈ હતી. દરેક થીયેટરમાં તેના શો ખાલી જાય છે. આલિયા ભટ્ટ કે પાસ સચ મેં બહોત બડા જિગરા હૈ. પોતે જ ટિકિટ્સ ખરીદી અને કલેક્શનના ખોટા આંકડા જાહેર કર્યા.



# વિધાનસભા નાયબ દંડક વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને ડાંગ જિલ્લાના ગલકુંડ ખાતે ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો

## આહવા તાલુકાના રૂ. ૬૧.૮ કરોડના ખર્ચે કુલ ૧૭ કામોનું ખાતમુહૂર્ત કરાયું

। (માહિતી) ડાંગ, તા.૧૫ ।

વડાપ્રધાનશ્રી અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની વર્ષ-૨૦૦૧ થી વર્ષ-૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથા હેઠળ તા. ૦૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવણી થઈ રહી છે. જેની ફળશ્રુતિ રૂપે તારીખ ૧૪ ઓક્ટોબરના રોજ ડાંગ જિલ્લાના ગલકુંડ ખાતે જિલ્લા પંચાયત હસ્તકના માર્ગ અને મકાન વિભાગ દ્વારા, આહવા તાલુકામાં નિર્માણ પામનાર રસ્તા, પુલ, કોઝ વે/પુલ રિપેરીંગના કુલ રૂપિયા આહવા તાલુકાના રૂ. ૬૧.૮ કરોડના ખર્ચે કુલ ૧૭ કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. જેમા આહવા તાલુકાના એમ.એમ.જી.વાય વર્ષ ૨૦૨૩/૨૪ યોજના હેઠળ, રોડ રીસરફેસિંગની કામગીરી/સ્ટ્રકચર રિપેરિંગની કામગીરી/નવા પુલની કામગીરી, બજેટ ઉચ્ચક જોગવાઈ ૨૦૨૩/૨૪ યોજના હેઠળ સ્ટ્રકચર રિપેરિંગ/નવા સ્ટ્રકચર રિપેરિંગ/રોડ રીસરફેસિંગની કામગીરી તેમજ માર્ગ મરામત રીસરફેસિંગની કામગીરીના કુલ રૂ. ૬૧.૮ કરોડના ખર્ચે કુલ ૧૭ કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે "વિકાસ સપ્તાહ" અંગે જાણકારી આપતાં શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૨૩ વર્ષ



સુશાસનના, લોક વિશ્વાસ અને અવિરત વિકાસના છે. આઝાદીના અમૃતકાળ માં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલી વિકાસની કેડી પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહી છે.

વિકાસ સપ્તાહની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ આગામી યુવા પેઢીને રાજ્યના વિકાસમાં સહભાગી થઈ વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને ચરિતાર્થ કરી સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું યોગદાન અદા કરવાનું છે. તેમ પણ શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી, આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતી મયનાબેન બાગુલ સહિતના પદાધિકારીશ્રીઓ, પંચાયત કાર્યપાલક ઈજનેર શ્રી આર.બી. ચૌધરીતેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારીની જી.આઇ.ડી.સી. ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજમાં હાઇ પરફોર્મન્સ કમ્પ્યુટિંગ તથા સાયબર સુરક્ષા જાગૃતિ સેમિનાર યોજાયો



। (માહિતી) નવસારી, તા.૧૫ ।

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનની પહેલ હેઠળ, જી.આઈ.ડી.સી. ડિગ્રી એન્જિનિયરિંગ કૉલેજ ના કોમ્પ્યુટર ઈજનેરી વિભાગ દ્વારા હાઈ પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગ (એચ.પી.સી) વિષય પર જાગૃતિ સેમીનાર યોજાયો હતો. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો સેમિનારના મુખ્ય વક્તા ડૉ. અમી તુષારકાંત ચોકસી દ્વારા હાઈ પરફોર્મન્સ કમ્પ્યુટિંગ આર્કિટેક્ચર, એપ્લિકેશન્સ તથા પેરેલલ કમ્પ્યુટિંગની આવશ્યકતાઓ સહિત એચ.પી.સીમાં તાજેતરમાં થયેલા સંશોધનો અને પ્રગતિઓ જેમ કે એક્ઝાસ્કેલ કમ્પ્યુટિંગ સિસ્ટમ્સનો વિકાસ, પ્રતિ સેકન્ડે ક્વિન્ટિલિયન ગણતરીઓ કરી ક્વોન્ટમ કમ્પ્યુટીંગમાં નવીનતાઓ વિશે અને તેમાં પ્રોસેસિંગ ઝડપને સક્ષમ કરી સમસ્યાઓનો હલ કઈ રીતે કરી શકાય તેની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી . આ સાથે કોલેજમાં સાયબર સુરક્ષા જાગૃતિ અભિયાન હેઠળ જલાલપોર પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી. ડી. ડી. લાડુમોર તથા તેમની ટીમ દ્વારા સાયબર ધમકીઓ, સંસ્થાકીય ડેટા, એથિકલ હેકિંગ, ઈન્ટરનેટ સુરક્ષા, સુરક્ષિત બ્રાઉઝિંગ, સાયબર જોખમોથઈ સુરક્ષિત થવા માટે વિધાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા તથા સાયબર સુરક્ષામાં સ્ટાર્ટઅપ કેવી રીતે કરવુ તેના વિષે સમજ આપવામાં આવી હતી.

# ભારતીય માનક બ્યૂરો દ્વારા વિશ્વ માનક દિવસ ૨૦૨૪ની અમદાવાદ ખાતે ઉજવણી કરવામાં આવી




। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

ભારતની રાષ્ટ્રીય માનક સંસ્થા, ભારતીય માનક બ્યૂરો (અમદાવાદ) (BIS)એ માનક મહોત્સવની બે સપ્તાહ લાંબી ઉજવણી (૧લી થી ૧૪મી ઓક્ટોબર)ના ભાગ રૂપે, ક્વોલિટી રન/વોક, કન્ઝ્યુમર અને જ્વેલર્સ જાગૃતિ પ્રોગ્રામ, સ્ટાન્ડર્ડ કાર્નિવલ, સ્ટેકહોલ્ડર્સ કોક્લેવ, સ્ટાન્ડર્ડ ક્લબ પ્રવૃત્તિઓ, નુક્કડનાટક, આરડબ્લ્યુએ પ્રોગ્રામ્સ, ગુણવત્તા અભિયાનના પગલાં, અને ગ્રામ પંચાયત સેન્સિટાઈઝેશનનું આયોજન અમદાવાદ ખાતે "શેર્ડ વિઝન ફોર એ બેટર વર્લ્ડ" થીમ પર કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓનો હેતુ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા અપનાવવામાં આવેલા ૧૭ ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) ના અમલીકરણમાં BIS દ્વારા કરવામાં આવતા વિવિધ પ્રયાસો વિશે જાગૃતિ વધારવાનો છે. ઉપરોક્ત 17 SDG ને ધ્યાનમાં રાખીને તાજેતરના ભારતીય માનકો ઘડવામાં આવ્યા છે. ભારતીય માનક બ્યુરો દ્વારા આયોજિત આ સેમિનારમાં ૨૦૦થી વધુ જેટલા સહભાગીઓએ હાજરી આપી હતી.

આ કાર્યક્રમમાં ટકાઉ વિકાસ લક્ષ્ય અંતર્ગત આવતા પર્યાવરણ અને આબોહવા પરિવર્તન, કૃષિ અને વનસંવર્ધન, સ્માર્ટ શહેરો અને સ્માર્ટ ગામ, પાણીની કાર્યક્ષમતા, ઉપભોક્તા વર્તન અને જાહેર નીતિ જેવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં માનકીકરણનું મહત્વ, માનકીકરણ વિનાની વસ્તુઓથી થતી દેશ પર અસર વિશે લોકોને સમજાવવામાં આવ્યું હતું. માનકીકરણ આર્થિક, સામાજિક અને પર્યાવરણીય રીતે ટકાઉ વિકાસમાં યોગદાન આપે છે તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તથા ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે BISના રોલ વિશે સમજણ આપવામાં આવી હતી.

**શું છે માનકીકરણ?**

માનકીકરણએ ઉત્પાદનો, સેવાઓ અને પ્રક્રિયાઓ સુસંગત છે અને ચોક્કસ દિશાનિર્દેશોનું પાલન કરે છે. તેની ખાતરી કરવા માટે ધોરણોને વિકસાવવા અને અમલમાં મૂકવાની પ્રક્રિયા છે.જે પ્રોડક્ટનુ માનકીકરણ ફરજિયાત કરવામાં આવે તેને BISના લાઈસન્સ વિના અને BIS માર્ક મૂક્યા વિના પ્રોડકટનું ઉત્પાદન આયાત અને વેચાણ દેશમાં કરી શકાતું નથી.

**માનકીકરણ શા માટે મહત્વનું છે?**

માનકીકરણએ ઉત્પાદનો સલામત અને વિશ્વસનીય છે કે નહિ તેની ખાતરી કરીને ગ્રાહકોનું રક્ષણ કરે છે. તે અકસ્માતોનું જોખમ ઘટાડે છે અને તેને વધુ વ્યવહારુ બનાવે છે. પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરે છે અને પરિવર્તનશીલતાની શક્યતા ઘટાડે છે. તે ગુણવત્તા સ્તરોમાં સુસંગતતા પૂરી કરવામાં મદદ કરે છે, ગ્રાહકોમાં વિશ્વાસ બનાવવામાં મદદ કરે છે.

આ કાર્યક્રમમાં અમૂલ, સુજલામ સસ્ટેનેબિલિટી એલએલપી, રિસાયકલ ઈન્ડિયા જેવી કંપનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શ્રીનિવાસન રાવ (સીઈઓ, ગુજસેક), ડો. અનિંદિતા મહેતા (સીઓઓ, CERC), શ્રી સુમિત સેંગર (BIS હેડ, અમદાવાદ), શ્રી પી.કે. ઝા (ઝોનલ મેનેજર, NSIC), શ્રી સુધાંશુ જાંગીર (ડિરેક્ટર, IIS), શ્રી પી. કે. સોલંકી (સહાયક નિર્દેશક, MSME), શ્રી અમિત કુમાર, શ્રી વિપિન ભાસ્કર(સંયુકત નિર્દેશક, BIS), શ્રી અજય ચંદેલ (ઉપનિર્દેશક, BIS) ઉપસ્થિત રહ્યા હતા.

# ઉમરગામની મહેતા સ્કૂલમાં બાળકોને રક્ષણ આપતા કાયદાની જાણકારી અને સ્વરક્ષણ માટે તાલીમ યોજાઈ



। (માહિતી) વલસાડ, તા.૧૫ ।

વલસાડ જિલ્લા કાનૂની સેવા સમિતિ અને રણભૂમિ એકેડમી દ્વારા ન્યાયાધીશશ્રી બી.જે. પોપટના માર્ગદર્શન હેઠળ ઉમરગામ તાલુકા કાનૂની સેવા સમિતિના સહયોગથી ઉમરગામની એમ. કે.મહેતા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં બાળકોના જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા કાયદાની જાણકારી તેમજ સ્વરક્ષણની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો સાથે થતાં દૂર વ્યવહાર, છેડતી તેમજ દુષ્કર્મ જેવા ગુનાઓથી સુરક્ષિત રાખવા માટે પોકસો કાયદાનો ઉપયોગ કેવી રીતે કરવો તે બાબતે જાણકારી રણભૂમિ એકેડમી પ્રમુખ તથા વલસાડના ધારાશાસ્ત્રી શ્રીકેયુરભાઈ પટેલ, દુષ્યંતભાઈ, ધારાશાસ્ત્રી એ.ડી.પટેલ અને અભિષેક માંગેલાએ આપી હતી આ સાથે બાળકોને ગુડ ટચ અને બેડ ટચ તેમજ માતા પિતાએ બાળકો સાથેના વ્યવહાર બાબતે પણ વિસ્તૃત જાણકારી આપી હતી. જ્યારે વિકટ પરિસ્થિતિમાં સ્વરક્ષણ કેવી રીતે કરી શકે તેની તાલીમ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના વલસાડ જિલ્લાના પૂર્વ કો- ઓર્ડિનેટર સેન્સાઈ નિલેશ કોશિયા અને સેન્સાઈ જીતેન્દ્ર રાઠોડ દ્વારા આપવામાં આવી હતી. શાળાના આચાર્ય જેકબ જોન દ્વારા આભારવિધિ કરવામાં હતી. શિબિરનું સંચાલન શાળાના પી.ટી.શિક્ષક અજયભાઈ માછીએ કર્યું હતું.

# નર્મદા જિલ્લો પવિત્ર ભૂમિ છે, આ ભૂમિ પર નર્મદા ડેમ બન્યો અને ત્રણ રાજ્યોના નાગરિકોનું સ્વપ્ન વડાપ્રધાનએ પૂર્ણ કર્યુ : પ્રભારી મંત્રી ભિખૂસિંહજી પરમાર



।(માહિતી) રાજપીપળા, તા.૧૫।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનના ૨૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર ગુજરાતમાં વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે ત્યારે રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી અને નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ભિખુસિંહજી પરમારની અધ્યક્ષતામાં રાજપીપલાના સરદાર ટાઉનહોલ ખાતે વિકાસ કાર્યક્રમ થકી જિલ્લાના ૪૦.૩૦ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાત મૂહુર્ત કરી જિલ્લાના નાગરિકોને વિકાસની ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી ભિખુસિંહજી પરમારે જણાવ્યું કે, નર્મદા જિલ્લો પવિત્ર ભૂમિ છે. રાજપીપલાની ભૂમિ પર સરદાર સરોવર નર્મદા ડેમ બન્યો તેને પૂર્ણ કરવા માટે ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીકેના શપથ લીધાના માત્ર ૧૭ દિવસમાં જ ડેમના દરવાજા બેસાડવા માટેની મંજૂરી આપી માત્ર આપણું જ નહીં પણ ત્રણ રાજ્યોના નાગરિકોનું સ્વપ્ર પૂર્ણ કર્યું. આ ડેમની કામગીરી પૂર્ણ થતાં કચ્છ અને સૌરાષ્ટ્રની ધરતી લીલીછમ બની. કચ્છના રણને કોઈ ગણતું નહોતું આજે રણ વિસ્તારમાં અનેક લીલીછમ વાડીઓ બની જેના થકી કચ્છની કેરી અને ખારેક દુનિયાભરમાં વખણાય છે અને ખેડૂતોને આર્થિક ફાયદો થયો છે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, નર્મદા જિલ્લામાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની પ્રતિમા બની છે. આપણી ગુજરાત વિધાનસભામાં પણ ૧૮૨ ધારાસભ્યો છે ત્યારે આ અનોખા મેસેજ સાથે મૂર્તિ નિર્માણ પામેલી આ પ્રતિમાના કારણે સ્થાનિક આદિવાસી સમાજના લોકોનો ખૂબ વિકાસ થયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં હજી પણ ઘણા પ્રકલ્પો નિર્માણ થવાના છે ત્યારે યુવાનોને રોજગારી પુરી પાડવામાં, મહિલાઓને ઘર આંગણે રોજગારી આપવા માટે એકતાનગર ઉત્તમ ઉદાહરણના રૂપમાં રાજ્ય અને દેશ સમક્ષ પ્રસ્થાપિત થવાનું છે. મંત્રીશ્રીએ કહ્યું કે, ગંદકીમાં રોગોનું મૂળ રહેલું છે ત્યારે વડાપ્રધાનશ્રીએ આપણને સ્વચ્છતા અભિયાનનો મંત્ર આપ્યો અને સમગ્ર દેશ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં લોકો જોડાઈ રહ્યા છે.

# ભારતનું ફાયનાન્સિયલ ગેટ-વે બન્યું ગાંધીનગરનું ગિફ્ટ સિટી

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ "ગિફ્ટ સિટી"નો ભારતના પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી તરીકે થયો વિકાસ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૫ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અત્યાર સુધીની ૨૩ વર્ષની સંકલ્પ સિદ્ધિને જનજનમાં ઉજાગર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતભરમાં "વિકાસ સપ્તાહ"ની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ભારતભરમાં ગુજરાત આજે મોડેલ સ્ટેટ તરીકે ઉભરી આવ્યું છે, ત્યારે દેશના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા ગાંધીનગર ખાતે આવેલ ગિફ્ટ સિટી, વિકસિત ભારતજ૨૦૪૭ ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે.

અમદાવાદ અને ગુજરાતના પાટનગર ગાંધીનગર વચ્ચે સાબરમતી નદીના કિનારે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારની પહેલ અને ભારત સરકારના સહયોગથી ગાંધીનગર ખાતે આકાર પામેલ ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર તરીકે વિકાસ પામ્યું છે. દેશના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૦૭ માં ગિફ્ટ સિટીની સ્થાપના કરવામાં આવી હતી. વૈશ્વિક સ્તરે નાણાકીય રીતે સમૃદ્ધ એવા ન્યુયોર્ક, લંડન, ટોક્યો, પેરિસ, સિંગાપોર અને દુબઈ જેવા



દેશોની જેમ ભારતને પણ ફાઈનાન્સિયલ સેન્ટર તરીકે વિકસાવવાના હેતુસર ગિફ્ટ સિટીની રચના કરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે હાલમાં ૮૮૬ એકર જમીનમાં ફેલાયેલ ગિફ્ટ સિટીને વૈશ્વિક સ્તરની વ્યાપારી, રહેણાંક અને સામાજિક સુવિધાઓ સાથે સુઆયોજિત અને ટેકનોલોજીથી સક્ષમ સ્માર્ટ સિટી તરીકે વિકસાવવામાં આવી રહી છે. ગિફ્ટ સિટી મલ્ટી સર્વિસ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) માં આવેલ ભારતની એકમાત્ર ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર(IFSC) અને ડોમેસ્ટિક ટેરિફ એરિયા(DTA) ધરાવે છે. ગિફ્ટ સિટીમાં હાલમાં ૨૦ જેટલી બિલ્ડિંગ કાર્યરત છે તથા બીજા વધુ પ્રોજેક્ટ્સ પણ પ્રગતિમાં છે. ગિફ્ટ સિટીની લોકપ્રિયતા અને ગુજરાત સરકારની પ્રોત્સાહક નીતિઓના કારણે વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ અહિયાં આવી રહી છે, જેના પરિણામસ્વરૂપ ગિફ્ટ સિટીમાં ૭૦૦ થી વધુ બિઝનેસની સ્થાપના થઈ છે.

# ચૂંટાયેલા લોક પ્રતિનિધિ તરીકે ગ્રામ્ય સમાજના જીવનમાં બદલાવનો અનુરોધ કરતા મંત્રી હર્ષભાઇ સંઘવી

। (માહિતી) ગાંધીનગર, તા.૧૫ ।

ચૂંટાયેલા લોક પ્રતિનિધિ તરીકે ગ્રામ્ય સમાજના જીવનમાં બદલાવનો અનુરોધ કરતા ગાંધીનગર જિલ્લાના પ્રભારી અને ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, પોતપોતાના ગામ,વાસ,ગલીઓ કેવી રીતે સ્વચ્છ બને એ વિચારો. ગામની શાળાઓમાં જાવ. રોજ એક કલાક આપો.દરવર્ષે વૃક્ષ વાવીએ-ફોટા પડાવીએ એવું નહીં, વૃક્ષ મોટું થાય એ વ્યવસ્થા કરો. શાળાના ઓરડા સરકાર પાસે માગીએ,પણ બાળકો શાળામાં આવે છે કે નહીં, શાળામાં નાહીને આવે છે કે નહીં,બાળક ઘરે જઈને હાથ –પગ ધોવે છે કે નહીં, એ ચેક પણ કરો. "વિકાસ સપ્તાહ "ઉજવણીના ભાગરૂપે આજે,ગાંધીનગર જિલ્લાના પ્રભારી અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ડોક્ટર આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે, કુલ રૂ.દસ કરોડની રકમના, જિલ્લાના વિવિધ ૪૩ વિકાસ કામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરતા જણાવ્યું હતું કે, ગામની નાની શાળાઓમાં ઓરડા બનાવવા,નાના રસ્તા બનાવવાનું કાર્ય સાંસદશ્રી અને બે ધારાસભ્યોએ પૂરું કર્યું છે. પરંતુ તમારા ગામનો કોઈ પરિવાર સરકારી યોજનાઓના લાભોથી વંચિત તો નથી ને, કોઈ પરિવાર કે વ્યક્તિનું શોષણ ના થાય, કોઈ પરિવાર વ્યાજના ચક્કરમાં ના ફસાય ,આ બધા કામો માટે અને ગ્રામ્ય જીવનના સંપૂર્ણ બદલાવ માટે તમે તમારો સમય આપો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. રૉમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે. વરિષ્ઠપદે કામ કરતા લોકો તરફથી કેટલાક વિરોધ ઊભા થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. મોટી વયના લોકો તથા પરિવારના સભ્યો તમને પ્રેમ અને સંભાળ આપશે. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. તમે જો વિદેશમાં નોકરી માટે અરજી કરવાનુ વિચારતા હો તો - આજનો દિવસ શુકનવંતો જણાય છે.

## ન્યૂઝ બ્રિફ

### કુંતલપુર ગામે ૩૦થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૫ ।

કુંતલપુર ગામે ૩૦થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર, કલાકો સુધી શાળામાં બેસાડી રાખવાનો શિક્ષકો પર આક્ષેપ સુરેન્દ્રનગરના કુંતલપુર ગામે ૩૦થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ છે. બટુક ભોજન લીધા પછી ૩૦ થી વધુ બાળકોની તબિયત લથડી હતી.સુરેન્દ્રનગરમાં વધુ એક ફૂડ પોઈઝનિંગનો બનાવ સામે આવ્યો છે. ગંભીર હાલતમાં બાળકોને મૂળી તેમજ સુરેન્દ્રનગર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. શાળાએ અભ્યાસ કરવા ગયેલા બાળકોને બટુક ભોજન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ અલગ અલગ ધોરણમાં અભ્યાસ કરતા બાળકોને ઝાડા ઉલટી થઈ જતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા. સુરેન્દ્રનગરમાં ફરી ફૂડ પોઈઝિંગના બનાવને પગલે આરોગ્ય વિભાગમાં દોડધામ મચી હતી.ફૂડ પોઈઝનિંગની અસર મુદ્દે મૂળી સરકારી હોસ્પિટલમાં હોબાળો મચ્યો હતો. કુંતલપુર ગામે ઝેરી ખોરાકની અસર સર્જાયા બાદ શાળાના વિદ્યાર્થીઓને ૩ કલાક સુધી શાળામાં બેસાડી રાખવામાં આવ્યા હોવાનો પણ ગંભીર આક્ષેપ લગાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ ઉલટી કરતા હતા શિક્ષકો સામે ઊભા ઊભા મજાક ઉડાડતા હોવાનો પણ વાલીઓએ ગંભીર આક્ષેપ કર્યો છે. મામલતદાર અને પોલીસની હાજરીમાં મૂળી સરકારી હોસ્પિટલમાં હોબાળો થયો હતો. વાલીઓ દ્વારા સંચાલકો, આચાર્ય અને શિક્ષકો સામે કડક પગલાં ભરવા માંગ કરી હતી.

### કેન્યાના પૂર્વ વડાપ્રધાનના નિવેદનને લઇને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના પ્રહાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

અદાણીના એજન્ટના રૂપમાં કામ કરે છે PM મોદી, કેન્યાના પૂર્વ વડાપ્રધાનના નિવેદનને લઈને કોંગ્રેસ-AAPના પ્રહારકેન્યાના પૂર્વ વડાપ્રધાન રેલા ઓડિંગાએ એક નિવેદન આપ્યું છે જેમાં તેમને PM મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અદાણીના અલગ અલગ પ્રોજેક્ટને લઈને જાણકારી આપી હતી. હવે આ નિવેદનને લઈને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પ્રહાર કર્યા છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ કેન્યાના પૂર્વ વડાપ્રધાન રેલા ઓડિંગાના એક નિવેદનને લઈને એક પોસ્ટ કરી છે જેમાં PM મોદી અદાણીના એજન્ટના રૂપમાં કામ કરતા હોવાનો આરોપ લગાવ્યો છે. કેન્યાના પૂર્વ વડાપ્રધાન રેલા ઓડિંગાનું કહેવું છે- નરેન્દ્ર મોદીએ મને પોતાના મિત્ર ગૌતમ અદાણી અને તેમના બિઝનેસ વિશે જણાવ્યું. અદાણીના અલગ અલગ પ્રોજેક્ટ્સ વિશે જાણકારી આપી. આટલું જ નહીં, નરેન્દ્ર મોદીએ કેન્યાઈ ડેલિગેશનને ગુજરાત બોલાવીને અદાણીના બિઝનેસ વિશે વિસ્તારથી સમજાવ્યું હતું.'' કોંગ્રેસે કહ્યું કે, કેન્યાના પૂર્વ વડાપ્રધાનનો આ ખુલાસો ગંભીર છે.

# લોકો અને હિતોનું રક્ષણ કરવામાં કોઇ માપ નહિ રાખીએ : ઇરાન

**ઇઝરાયેલે ગાઝામાં તેનો હુમલો ચાલુ રાખ્યો છે અને તેમાં તેણે એક હવાઇ હુમલામાં એક જ પરિવારના આઠ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે**



। (એજન્સી) તહેરાન, બેરૂત, તા.૧૫ ।

ઈઝરાયેલ તરફથી હુમલાની આશંકા વચ્ચે ઈરાને ફરી હુંકાર કર્યો છે કે તેને દેશના લોકો અને હિતોનું રક્ષણ કરવા માટે કોઈ મર્યાદા નહિ રાખે. જોકે સાથે સાથે એવું પણ કહ્યું છે કે અમારા વિસ્તારમાં યુદ્ધ ન થાય તે માટે તમામ પ્રયાસો પણ ચાલુ રહેશે. આની સાથે સાથે ઈરાને અમેરિકાને તેનું લશ્કર ઈઝરાયેલથી દૂર રાખવાની પણ ચેતવણી ઊચ્ચારી છે. આની સાથે સાથે જ અમેરિકા દ્વારા ઈરાન પરના પ્રતિબંધોના વિસ્તરણની પણ તેણે ટીકા કરી છે અને કહ્યું છે કે આ ગેરકાયદેસર અને ગેરવાજબી છે. અમેરિકાએ ઈરાનના તેલ ઉદ્યોગને નિશાન બનાવી આ પગલું ભર્યું છે તેમ તેનું કહેવું છે. ઈરાનના મંત્રી અરાઘચીએ સંભાવના વ્યક્ત કરી છે કે અમેરિકા ઈઝરાયેલને ટર્મિનલ હાઈ અલ્ટિટ્યુડ એરિયા ડિફેન્સ સિસ્ટમ્સ મોકલી શકે છે. આમ થશે તો આ સિસ્ટમ્સ ચલાવવા માટે અમેરિકાની સેના પણ ઈઝરાયેલમાં આવશે. ઈઝરાયેલ હુમલાનો બદલો લેવાનો પુનરોચ્ચાર કર્યો હોવાથી ઈરાનની ઉંઘ હરામ થઈ છે. તેનું કહેવું છે કે અમે ઈઝરાયેલના હુમલાનો જ જવાબ આપ્યો હતો. એ પછી યુદ્ધ ફાટી ન નીકળે તે માટે સારા પ્રયાસો કર્યા છે. પરંતુ હું સ્પષ્ટ કહી દેવા માગું છું કે અમારા લોકો અને હિતોના રક્ષણ માટે અમે કંઈ પણ કરી છૂટવા તૈયાર છીએ. બીજી બાજુ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ યુનાઈટેડ નેશન્સને લેબનોનમાંથી સૈનિકો પાછા ખેંચી લેવા અપીલ કરી છે. હિઝબુલ્લાહ તેમને બંધક બનાવીને તેમનો ઉપયોગ માનવશીલ્ડ તરીકે કરી રહ્યો છે અને તેમના વાહનો અને અન્ય સંરજામોનો ઉપયોગ પણ કરાઈ રહ્યો છે. ઈઝરાયેલે ગાઝામાં તેનો હુમલો ચાલુ રાખ્યો છે અને તેમાં તેણે એક હવાઈ હુમલામાં એક જ પરિવારના આઠ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. ઈઝરાયેલની મિસાઈલ એક ઘર પર પડી હતી અને તેમાં માતા-પિતા અને છ બાળખો સહિત આઠનાં મોત થયા હતા. લેબનોન પર ઈઝરાયેલના હુમલામાં ૧૩ લોકોના મોત થયા છે અને અન્ય ૩૬ને ઈજા પહોંચી છે. હવાઈ હુમલામાં એક ત્રણ માળની ઈમારત ધ્વંસ થઈ ગઈ હતી. જેમાં ચાર લોકો મર્યા હતા અને ૧૪ને ઈજા પહોંચી હતી. આવી જ રીતે અન્ય વિસ્તારોમાં પણ હુમલામાં ભારે ખુવારી થઈ છે. જોકે હિઝબુલ્લાહનું કહેવું છે કે તેણે પણ ઈઝરાયેલના અનેક વિસ્તારોને રોકેટોથી નિશાન બનાવ્યા છે.

## પાંચમી વખત ઉડાણ સફળ

# મસ્કની સ્પેસએક્સે સુપર હેવી બુસ્ટરને પકડવાની સિદ્ધિ મેળવી લીધી

**કંપનીએ ઉલ્લેખ કર્યો કે તેમના એન્જિનિયરોએ બુસ્ટર કેચના પ્રયાસ માટે તૈયારીમાં કેટલાય વર્ષો અને પરીક્ષણ માટે કેટલાક મહિનાઓ પસાર કર્યા હતા**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

અબજોપતિ ઈલોન મસ્કની સ્પેસએક્સે રવિવારે પોતાની સ્ટારશીપની પાંચમી ટેસ્ટ ઉડાણ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે અને 'ચોપસ્ટિક આર્મ્સ'ની સાથે સુપર હેવી બુસ્ટરને હવામાં પકડવાની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ૪૦૦ ફૂટ ઊંચે સ્ટારશીપ રોકેટે વિશ્વનું સૌથી મોટું અને સૌથી શક્તિશાળી રોકેટ હેવી બુસ્ટરની સાથે દક્ષિણ ટેક્સાસના બોકા ચિકા બીચની પાસે પોતાના સ્ટારબેઝ લોન્ચિંગ પેડથી ભારતીય સમય પ્રમાણે સાંજે ૫-૩૦ કલાકની આસપાસ ઉડાણ ભરી હતી. સ્પેસએક્સે સુપર હેવી બુસ્ટર સફળતાપૂર્વક પોતાની લોન્ચ સાઈટ પર પરત આવ્યા પછી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ઈલોન મસ્કે એક પોસ્ટ કરીને કહ્યું કે, 'મેકાઝિલાએ સુપર હેવી પુસ્ટરને પકડી લીધું છે.' આ સાથે સ્પેસએક્સના ફાઉન્ડર ઈલોન મસ્કે ઉમેર્યું કે, 'ટાવરે રોકેટને પકડી લીધું છે.'જૂનમાં પોતાની છેલ્લી ઉડાણ દરમિયાન, સ્પેસએક્સને સ્ટારશીપના ઉપલા ચરણની સાથે હિંદ મહાસાગરમાં પોતાની પ્રથમ સફળ સ્પ્લેશડાઉન હાંસલ કરી હતી. કંપનીએ લોન્ચ પહેલા કહ્યું હતું કે, ''આ નવી ઉપલબ્ધિ કંપનીની ઝડપથી નવીનીકરણની શોધમાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.''આ સાથે કંપનીએ ઉલ્લેખ કર્યો કે તેમના એન્જિનિયરોએ બુસ્ટર કેચના પ્રયાસ માટે તૈયારીમાં કેટલાય વર્ષો અને પરીક્ષણ માટે કેટલાક મહિનાઓ પસાર કર્યા હતા. આ ઉપરાંત, સ્પેસએક્સે ઉલ્લેખ કર્યો કે તેમના સ્ટારશીપ એક કલાકના તટ ચરણમાં છે, જ્યાં આ ઓસ્ટ્રેલિયાના પશ્ચિમમાં હિન્દ મહાસાગરમાં ફરીથી પ્રવેશ કરશે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે, આ જાહેર સુરક્ષાને વધુ સુનિશ્ચિત કરશે, પરંતુ તેમ છતાં નિયંત્રિત પુનઃપ્રવેશ અને નરમ પાણીમાં લેન્ડિંગ કરશે.આ દરમિયાન હરિફ કંપની બ્લૂ ઓરિજિને સ્પેસએક્સને અભિનંદન પાઠવ્યા છે. જેફ બેજોસના માલિકીવાળી કંપની બ્લૂ ઓરિજિન ટેકનિલ ઈશ્યુના કારણે ૫ ોતાના પ્રથમ લોન્ચ પ્રયાસની નિષ્ફળતાના લગભગ એક સપ્તાહ પછી, પોતાના દ્વિતીય માનવ-રેટેડ અંતરિક્ષ યાનને ફરીથી લોન્ચ કરવાનો પ્રયાસ કરશે. દ્વિતીય માનવ-રેટેડ ન્યુ શેપ ર્ડ યાનમાં બુસ્ટર-પના રુપમાં ઓળખાતા પ્રથમ ચરણ અને એરએસએસ કર્મ લાઈન નામની એક ક્રૂ કેપ્સુલ સામેલ છે. કર્મન લાઈન અંતરિક્ષની આંતરરાષ્ટ્રીય સ્તર પર માન્યતા પ્રાપ્ત સીમા છે.ચાલક દળની વિનાના, એનએસ-૨૭ મિશન ૧૨ રિસર્ચ પેલોડ મોકલશે. એમાં પાંચ બૂસ્ટર પર અને સાત કેપ્સુલ અંદર હશે. બ્લૂ ઓરિજનના કહેવા મુજબ, એમાં ન્યુ શેપર્ડ અને બ્લુ ઓરિજિનના વિશાળ ન્યુ ગ્લેન રોકેટ માટે વિકસિત નવી નેવિગેશન સિસ્ટમ, સાથે જ બે લાઈટ ડિટેક્શન અને રેન્જિંગ સેન્સર સામેલ હશે, જેમને ચંદ્રના વાતાવરણમાં સંચાલિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

## ભારત-કેનેડા તણાવની શું અસર થઈ શકે?

# હિન્દુઓ માટે ખતરો, ભારતીય વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ પર

**કેનેડા સરકારે ભારતીય હાઈ કમિશનર પર ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારત અને કેનેડા વચ્ચે ફરી એકવાર તણાવ વધી ગયો છે. કેનેડા સરકારે ભારતીય હાઈ કમિશનર પર ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો છે. પરંતુ ભારત સરકારે આ આરોપોને ફગાવી દીધા છે. દરમિયાન, ભારતે કેનેડામાંથી તેના હાઈ કમિશનર સંજય કુમાર વર્મા અને અન્ય રાજદ્વારીઓને પાછા બોલાવ્યા છે. પરંતુ આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે આ સમગ્ર ઘટનાની ભારત-કેનેડાના સંબંધો પર શું અસર પડશે?આ મામલે પૂર્વ રાજદ્વારી કેપી ફેબિયનએ કહ્યું કે કેનેડાએ અમને હરદીપ સિંહ નિજ્જર કેસની તપાસ અંગે કહ્યું છે કે અમારા હાઈ કમિશનર અને અન્ય રાજદ્વારીઓ હિત ધરાવતા વ્યક્તિઓ છે. આનો અર્થ એ થયો કે RCMP એટલે કે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે અને તેઓ અમારા હાઈ કમિશનરની પૂછપરછ કરવા માંગે છે. પરંતુ આ કોઈપણ રીતે યોગ્ય નથી, તેથી ભારત સરકારે તેના રાજદ્વારીઓને પાછા બોલાવવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચે વર્તમાન સ્થિતિ વધુ ખરાબ થશે. જસ્ટિન ટ્રુડો જ્યાં સુધી કેનેડાના વડાપ્રધાન છે ત્યાં સુધી આ સ્થિતિમાં સુધારો નહીં થાય. કેનેડામાં ૨૦૨૫માં ચૂંટણી છે. ટ્રુડોની લોકપ્રિયતા પણ સતત ઘટી રહી છે. કેનેડાની અર્થવ્યવસ્થા પણ સારી સ્થિતિમાં નથી. આવી સ્થિતિમાં જો ત્યાં નવી સરકાર સત્તામાં આવશે તો અમારા સંબંધો સુધરશે. પરંતુ હાલમાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં સુધારાના કોઈ સંકેત દેખાતા નથી.ભારત-કેનેડા સંબંધો પર કેનેડિયન પત્રકાર ડેનિયલ બોર્ડમેને કહ્યું કે ભારત-કેનેડા સંબંધોની વર્તમાન સ્થિતિ ક્રાયોસ્ટેસિસ જેવી છે. મને લાગે છે કે નવી સરકાર ન મળે ત્યાં સુધી ભારતીયોએ કેનેડાને ખરાબ સ્થિતિમાં મૂક્યું છે. મને નથી લાગતું કે તેઓ જસ્ટિન ટ્રુડોને વિશ્વસનીય તરીકે જોશે. મને નથી લાગતું કે ટ્રુડો ભારત સાથેના સંબંધોના સંદર્ભમાં વિશ્વાસપાત્ર છે.કેનેડાના વરિષ્ઠ પત્રકાર હલીમા સાદિયાએ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત અને કેનેડાના સંબંધોમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે. જે લોકો માટે કેનેડા હવે તેમનું ઘર છે પરંતુ તેઓ હજુ પણ ભારત સાથે સંબંધો ધરાવે છે, તેઓને ભારત પાછા ફરવું મુશ્કેલ થઈ શકે છે કારણ કે પરિસ્થિતિ વધુ વણસી છે. તમને જણાવી દઈએ કે ભારતે છ કેનેડિયન રાજદ્વારીઓ સ્ટુઅર્ટ રોસ વ્હીલર (એક્ટિંગ હાઈ કમિશનર), પેટ્રિક હેબર્ટ, મેરી કેથરીન જોલી (ફર્સ્ટ સેક્રેટરી), ઈયાન રોસ ડેવિડ (ફર્સ્ટ સેક્રેટરી), એડમ જેમ્સ ચુઈપકા (ફર્સ્ટ સેક્રેટરી) અને પૌલા ઓર્જુએલા (પ્રથમ સચિવ)ને મોકલ્યા છે. ફર્સ્ટ સેક્રેટરી)ને હાંકી કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેઓને ૧૯મી ઓક્ટોબરે મધ્યરાત્રિ ૧૨ સુધીમાં ભારત છોડવા માટે કહેવામાં આવ્યું છે.

## બંગભવન ખાતે હિન્દુ તહેવારની ઉજવણીના કાર્યક્રમમાં ભાગ લીધો

# દુર્ગા પૂજા ઉત્સવના સમાપન પછી ધાર્મિક એકતાનો બાંગ્લાદેશના પ્રમુખનો અનુરોધ

। (એજન્સી) ઢાકા, તા.૧૫ ।

દુર્ગા પૂજા ઉત્સવો દરમિયાન કટ્ટરવાદી તત્વોના હુમલાના અહેવાલ વચ્ચે બાંગ્લાદેશના પ્રમુખ મોહમ્મદ શહાબુદ્દીને રવિવારે તમામ ધર્મોના લોકોને બાંગ્લાદેશને આગળ લઈ જવા માટે સાથે મળીને કામ કરવાનો અનુરોધ કર્યો હતો. જોકે દેવી દુર્ગાની મૂર્તિઓના વિસર્જન સાથે દુર્ગા પૂજાનો હિન્દુ તહેવાર સમાપ્ત થયા પછી તેમણે આ અપીલ કરી હતી. દેશને પ્રગતિના પંથે લઈ જવા માટે સામૂહિક પ્રયાસની જરૂરિયાત પર ભાર મૂકતા પ્રમુખે કહ્યું હતું કે ધાર્મિક મૂલ્યોનો ઉપયોગ રાષ્ટ્રના કલ્યાણ માટે થવો જોઈએ. દુર્ગા પૂજાની ઉજવણી નિમિત્તે બંગભવન ખાતે એક કાર્યક્રમ દરમિયાન શહાબુદ્દીને તમામ નાગરિકોને, જાતિ કે ધર્મને ધ્યાનમાં લીધા વિના, એક વિકસિત અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે એક થઈને કામ કરવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આપણા બધા બાંગ્લાદેશી છીએ, એકબીજા સાથે જોડાયેલા છીએ. આપણા દેશમાં બહુમતી અથવા લઘુમતી ભેદભાવ માટે કોઈ સ્થાન નથી. તેમણે હિન્દુ સમુદાયના સભ્યોને શુભેચ્છાઓ પણ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે બદલાતા સંજોગોમાં બાંગ્લાદેશને એક વિકસિત, સમૃદ્ધ અને ભેદભાવ રહિત દેશ બનાવવા માટે સંપૂર્ણ સહનશીલતા, પરસ્પર વિશ્વાસ અને સહકારનો બીજો કોઈ વિકલ્પ નથી. બંગાળી પરંપરાઓ અને સંસ્કૃતિ દુર્ગા પૂજા સાથે જોડાયેલી છે. તે માત્ર એક ધાર્મિક તહેવાર નથી, પણ એક સામાજિક તહેવાર છે. તમામની સામૂહિક ભાગીદારીથી આ તહેવાર સાર્વત્રિક બન્યો છે. દરમિયાન રવિવારે દેશભરના જળાશયોમાં દેવી દુર્ગાની મૂર્તિઓના વિસર્જન સાથે દુર્ગા પૂજા ઉત્સવનું સમાપન થયું હતું. ઢાકામાં હજારો ભક્તો બુરીગંગા નદીના કિનારે એકઠા થયાં હતાં. અહીં વિસર્જન માટે મંદિરો અને વિવિધ જગ્યાએથી શણગારેલી ટ્રકોમાં મૂર્તિઓ લાવવામાં આવી હતી.પોલીસે શોભાયાત્રા અને મૂર્તિ વિસર્જન માટે સુરક્ષાના વ્યાપક પગલાં લીધા હતાં. શોભાયાત્રાના રૂટ પર ત્રણ કંટ્રોલ રૂમની સ્થાપના કરાઈ હતી અને ત્રણ વોચટાવર સ્થાપિત કરાયાં હતાં.

## વિશેષ

**વિકાસ સપ્તાહની ઉજવણી । મંત્રીએ આંબાપાડા ખાતેથી ડાંગ જિલ્લામા નિર્માણ થનારા રસ્તા, પુલ, કોઝ વે/પુલ રિપેરીંગ વિગેરે કામાનુ ખાતમુહૂર્ત કર્યું**

# મંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને પંચાયત માર્ગ અને મકાન વિભાગના કુલ ૧૦૮.૩૫ કરોડના કામોનુ કરાયુ ખાતમુહૂર્ત

। (માહિતી) ગાંધીનગર ।

દેશના હાલના વડાપ્રધાન, અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને, રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાતની વર્ષ-૨૦૦૧થી વર્ષ-૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથા વર્ણવતા, તા.૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન ''વિકાસ સપ્તાહ'' ઉજવણી કરવામા રહી છે. ''વિકાસ સપ્તાહ'' ની આ ઉજવણી અંતર્ગત ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના આંબાપાડા ખાતે આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના રાજ્યમંત્રી-વ-ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષ સ્થાને, જિલ્લા પંચાયત હસ્તકના માર્ગ અને મકાન વિભાગ દ્વારા, જિલ્લામા નિર્માણ પામનાર રસ્તા, પુલ, કોઝ વે/પુલ રિપેરીંગના કુલ રૂપિયા ૧૦૮.૩૫ કરોડના, કુલ ૩૭ કામોનુ ખાતમુહૂર્ત કરાયુ હતુ. જેમા ડાંગ જિલ્લાના આહવા, વઘઇ અને સુબીર તાલુકામા એમ.એમ.જી.વાય વર્ષ ૨૦૨૩/૨૪ યોજના હેઠળ, રોડ રીસરફેસિંગની કામગીરી/સ્ટ્રકચર રિપેરિંગની કામગીરી/નવા પુલની કામગીરી જેવા ૧૫ કામો માટે રૂપિયા ૨૫૨૦ લાખનો ખર્ચ, બજેટ ઉચ્ચક જોગવાઈ ૨૦૨૩/૨૪ યોજના હેઠળ સ્ટ્રકચર રિપેરિંગ/નવા સ્ટ્રકચર રિપેરિંગ/ રોડ રીસરફેસિંગની કામગીરીના કુલ ૧૭ કામો માટે રૂપિયા ૮૦૨૦ લાખનો ખર્ચ, તેમજ માર્ગ મરામત રીસરફેસિંગની કામગીરીના કુલ ૫ કામો માટે રૂપિયા ૨૯૫ લાખનો ખર્ચ મળી, કુલ ૩૭ કામો માટે રૂપિયા ૧૦૮.૩૫ કરોડના કામોનુ ખાતમહૂર્ત કરવામા આવ્યુ હતુ. ગુજરાત વિકાસ





કરવો, એ અમારી જીદ નથી પણ આદત છે. તેમ જણાવી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૩ વર્ષના સુશાસનની ગાથા વર્ણવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષ અગાઉ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. ૨૩ વર્ષ સુશાસનની ઉજવણી આપણે સૌ કરી રહ્યા છીએ, ત્યારે આપણા સૌ માટે ગર્વની વાત છે કે આજે સમગ્ર વિશ્વમા ભારતની નોંધ લેવાઈ રહી છે, અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વિશ્વ નેતા તરીકે પ્રસ્થાપિત થયા છે. તેમ તેમણે ઉમેર્યુ હતુ. વડાપ્રધાનશ્રીના દીઘર્દ્રષ્ટા નેતૃત્વમા ભારત દેશની અન્ય વિકસિત દેશોની હરોળ ગણના કરવામા આવે છે. વડાપ્રધાનશ્રીએ સમગ્ર દેશમાં એક ભારત શ્રેષ્ઠ ભારતની નેમ વ્યક્ત કરી હતી. જે આજે સાકાર થવા જઇ રહી છે. નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ વર્ષ ૨૦૩૦ સુધીમા ભારતની ઈકોનોમી નંબર એક પર હશે. તેમ પણ મંત્રીશ્રીએ આ વેળા જણાવ્યુ હતુ. તેમણે વધુમા જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૦૩મા વાયબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરીને, ગુજરાતને વિકાસનુ લેન્ડિંગ હબ બનાવવાનો પ્રયાસ કરવામા આવ્યો હતો. જેના પરિણામે આજે ગુજરાતમા સૌથી વધુ રોકાણકારો રોકાણ કરી રહ્યા છે. ગુજરાતમા ઉદ્યોગો સ્થાપવાના કારણે રોજગારી પણ મળી રહી છે. ડાંગ જિલ્લામા સરકાર દ્વારા કરોડોના ખર્ચે વિકાસ કામોના ખાતમુહૂર્ત કરવામા આવી રહ્યા છે. જે સરકારની લોકો પ્રત્યેની પ્રતિબ્ધતા દર્શાવે છે. સરકાર હમેશા આદિવાસીઓની પડખે રહી છે. રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ હંમેશા છેવાડાના જિલ્લોઓના વિકાસકીય કામો માટે ચિંતા કરતા હોય છે. આવનાર ભવિષ્યમા હજી વધુ વિકાસકીય કામો કરવામા આવશે, તેમ પણ મંત્રીશ્રીએ વધુમા ઉમેર્યુ હતુ. આ પ્રસંગે ઉપસ્થિત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની શાસન ધૂરા સંભાળી ત્યારથી ''નાગરિક પ્રથમ અભિગમ'' સાથે લોકાભિમુખ વહીવટને પ્રાધાન્ય આપ્યુ હતુ. ગુજરાતના મુખ્યમંત્રીથી લઈને પ્રધાનમંત્રી સુધીની સફરને ૨૩ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ, આજે સમગ્ર વિશ્વમા ભારતનો ડંકો વાગી રહ્યો છે. 'સબકા સાથ સબકા વિકાસ' થી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના માનવીને સુખાકારીની યોજનાઓનો લાભ સીધો મળી રહે, એવી વ્યવસ્થા કરી છે. આજે રાજ્યના આદિવાસી જિલ્લાઓમા વનબધું યોજના થકી રોડ, રસ્તા, પાણી, વિજળી, સિંચાઈ, વિગેરે ક્ષેત્રે વેગવંતા વિકાસના કામો થઈ રહ્યા છે. આજે આંબાપાડા ગામથી આહવા, વઘઇ અને સુબીર તાલુકામા રૂ. ૧૦૮.૩૫ કરોડના ખર્ચે થનાર કુલ ૩૭ કામોનુ ખાતમુહૂર્ત કરવામા આવ્યુ છે. આ ફક્ત ટ્રેલર છે. આવનાર સમયમા વધુ વિકાસકીય કામોનુ ખાતમુહર્ત કરવામા આવશે. તેમ તેમણે વધુમા કહ્યુ હતુ. આહવા અને વઘઈમા રૂ. ૯ કરોડના ખર્ચે તૈયર થઈ રહેલ લાયબ્રેરી, આહવા ખાતે રૂ. ૬ કરોડના ખર્ચે બની રહેલ આદિવાસી ભવન, ડાંગ જિલ્લા પંચાયતનુ રૂ. ૩૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર બિલ્ડીંગ, આર.ટી.ઓ ઓફિસ વિગેરનુ આવનાર સમયમા લોકાપર્ણ કરવામા આવશે. ડાંગ જિલ્લાના વિધ્યાર્થીઓને દુર સુધી ભણવા ન જવુ પડે તે માટે વઘઈમા સરકારી કોલેજ, આહવામા મેડીકલ કોલેજની ભેટ આપી છે. તેમજ જિલ્લાના લોકોને દુર ખેતર સુધી થાંભલાઓ લઈ જવા હવે કોઈ ચાર્જ નહી ચુકવવો પડે તેમ પણ શ્રી વિજયભાઈ પટેલે વધુમા જણાવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈને જણાવ્યુ હતુ કે, છેલ્લા ૨૩ વર્ષમા થયેલા વિકાસની સમગ્ર રાજ્યમા ઉજવણી થઈ રહી છે. દેશના હાલના પ્રધાનમંત્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળથી દેશનો વિકાસ થઈ રહ્યો છે. આજે ડાંગ જિલ્લો પણ વિકાસ તરફ હરણફાળ ભરી રહ્યો છે.











અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોન, દક્ષિણ ઝોન, પુર્વ ઝોન, તથા ઉત્તર ઝોનનો સંયુક્ત ''સેવા સેતુ'' કાર્યક્રમ, જેમાં સરકારની યોજનાઓના લાભ અને સહાયતા અંગેની વ્યક્તિગત અરજીઓના સ્થળ ઉપર નિકાલનો કાર્યક્રમ યોજાયો હતો.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમગ્ર પૂર્વ વિસ્તારનો સેવા સેતુ કાર્યક્રમ ખંડુભાઈ દેસાઈ કોમ્યુનીટી હોલ, અસારવા, અમદાવાદ ખાતે યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાત સરકારનાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે અને પ્રજાને સેવાઓ સ્થળ ઉપર મળે તે હેતુસર તાલુકા કક્ષાએ તેમજ શહેરી કક્ષાએ સેવા સેતુ કાર્યક્રમ રાજ્ય સરકારે અમલમાં મૂકેલ છે. સેવા સેતુ કાર્યક્રમના વિવિધ તબક્કાની સફળતાના ધ્યાને લઈ મહાનગર પાલિકા અને નગરપાલિકા કક્ષાએ ''સેવા સેતુ કાર્યક્રમ (શહેરી-દસમો તબકકો)'' યોજવા સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ઠરાવ કરવામાં આવેલ છે. ૨૧ સુંદર સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર પૂર્વ વિસ્તારનો (મધ્ય ઝોન, પૂર્વ ઝોન, ઉત્તર ઝોન અને દક્ષિણ ઝોન) સેવા સેતુ કાર્યક્રમ અસારવા વિધાનસભા મધ્ય ઝોન વિસ્તારમાં તા.૧૫-૧૦-૨૦૨૪, મંગળવારના રોજ ખંડુભાઈ દેસાઈ કોમ્યુનીટી હોલ, અસારવા, અમદાવાદ ખાતે યોજાયેલ હતો.

''સેવા સેતુ કાર્યક્રમ (શહેરી-દસમો તબક્કા) અંગે તેમજ પરિપત્રમાં સૂચવેલ ૫૫ (પંચાવન) સેવાઓ (૧) આધાર કાર્ડ નોંધણી (૧૮વર્ષથી ઓછી વયજૂથના રહીશો માટે) (૨) આધાર કાર્ડ સુધારા (અપડેશન) કરવા, (૩) રેશન કાર્ડમાં નામ દાખલ કરવું (૪) રેશન કાર્ડમાં નામ કમી કરવું (૫) રેશન કાર્ડમાં સુધારો કરવો (નામ અટકમાં સુધારો કરવો તથા કલેરીકલ ભૂલ માટે) (૬) રેશન કાર્ડ ધારકોની E-KYC કરવા અંગેની સેવા (૭) જાતિ પ્રમાણપત્ર (સૌરાષ્ટ્રના જીલ્લાઓ સિવાય) (૮) કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના (૯) ફીશીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન (૧૦) દિવ્યાંગતા પ્રમાણપત્ર (૧૧) નમોશ્રી યોજના (૧૨) પી.એમ. જે.માં (અરજી) (૧૩) મેડીકલ ઓફિસર દ્વારા ઉંમરનો દાખલો (૧૪) હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીઝ અને બી.પી.ની ચકાસણી) (૧૫) જન્મ-મરણના પ્રમાણપત્ર (૧૬) લગ્ન નોંધણી પ્રમાણપત્ર (૧૭) ઘરેલું નવા વીજ જોડાણ માટેની અરજીઓ (૧૮) આધાર કાર્ડનું બેંક એકાઉન્ટ સાથે જોડણ (૧૯) મોબાઈલ નંબર સાથે બેંક એકાઉન્ટનું જોડાણ (૨૦) નવું બેંક એકાઉન્ટ ખોલાવવું. (૨૧) પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના (૨૨) પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના (૨૩) સુકન્યા સમૃદ્ધિ યોજના (૨૪) અટલ પેન્શન યોજના (૨૫) ભીમ એપ (૨૬) વ્યવસાય વેરા (અરજી) (૨૭) જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું (૨૮) કેસલેસ લીટરેસી (ડીઝીટલ ટ્રાન્ઝેકશન લીટરેસી) (૨૯) બસ કન્સેશન પાસ સામાન્ય લોકો માટે (૩૦) સાતબાર/આઠ - અ ના પ્રમાણપત્રો (૩૧) રેવન્યુ રેકર્ડ માટે 'વારસાઈ અરજી' (૩૨) જાતિ પ્રમાણપત્ર (અનુસૂચિત જાતિ) (૩૩) આવકનો દાખલો (૩૪) નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર (૩૫) રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના (૩૬) નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના (રાજ્ય સરકારની યોજના) (૩૭) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (અરજી સ્વીકારવી) (૩૮) બસ કન્સેશન પાસ-દિવ્યાંગ માટે (૩૯) UDID કાર્ડનું રજીસ્ટ્રેશન (૪૦) સમાજ કલ્યાણ અનુસૂચિત જાતિની સેવાઓ (અરજી) (૪૧) કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના (૪૨) ફીશીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન ઓનલાઈન અરજી (૪૩) ડો. આંબેડકર આવાસ યોજના (૪૪) પ્રોપર્ટી ટેક્ષ (૪૫) ગુમાસ્તાધારા (૪૬) ટોઈલેટ અરજી (૪૭) પ્રધાન મંત્રી આવાસ યોજના (શહેરી) - મંજુરી પત્ર (૪૮) વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર (૪૯) વ્યવસાય વેરો (૫૦) વોટર અને ડેનેજ કનેક્શન (૫૧) પી.એમ. સ્વનીધી યોજના (૫૨) શ્રવણ તીર્થ યોજના રજીસ્ટ્રેશન (૫૩) આઈસીડીએસ બાળકોના આધાર કાર્ડ (૫૪) વિધવા સહાય અને (૫૫) માન. મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટીસ યોજનાની સેવાઓ અંગે કામગીરી થયેલ અને સુંદર સેવાઓ પૂરી પાડનાર વિભાગનાં અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ હાજર રહેલ જેનો નાગરિકો દ્વારા લાભ લેવામાં આવેલ.

## રાજ્ય સરકારે ગુજરાત ટેક્સટાઈલ પોલીસી - ૨૦૨૪ને લોન્ચ કરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ ।

રાજ્ય સરકારે ગુજરાત ટેક્સટાઈલ પોલીસી – ૨૦૨૪ને લોન્ચ કરી છે. નવી ટેક્સટાઈલ પોલીસીને મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે લોન્ચ કરી છે. વર્ષ ૨૦૧૯માં ગુજરાત સરકારે ટેક્સટાઈલ પોલીસીની જાહેરાત કરી હતી. જૂની ટેક્સટાઈલ પોલીસી લેપ્સ થતા નવી પોલીસીની જાહેરાત કરવામાં આવી છે. પોલિસીની જાહેરાત બાદ મુખ્ય પ્રદાન ભૂપેન્દ્ર પટેલે નિવેદન આપતા જણાવ્યુ કે સરકારે ટેક્સટાઈલ ઉદ્યોગના દરેત સેગમેન્ટનું વિશ્લેષણ કર્યું છે. ટેક્સટાઈલ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાના આશય સાથે નવી પોલિસી જાહેર કરી છે. રોજગારીની તકો વધે, મહિલા સશક્તિકરણનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ છે. ૩૧ ડિસેમ્બર-૨૦૨૩એ જૂની ટેક્સટાઈલ પોલિસી લેપ્સ થઈ ગઈ હતી.

## ખેડામાં છેલ્લા ૧૪ દિવસમાં તાવના ૪ હજાર ૩૬૧ કેસ નોંધાયા

। (એજન્સી) ખેડા, તા.૧૫ ।

ગુજરાતમાં બેવડી ઋતુઓના પગલે રોગચાળાએ માથું ઉચક્યું છે. ત્યારે ખેડામાં છેલ્લા ૧૪ દિવસમાં તાવના ૪ હજાર ૩૬૧ કેસ નોંધાયા છે. શરદી, ખાંસીના કુલ ૩ હજાર ૨૫૧ કેસ સામે આવ્યા છે. રોગચાળો વકરતા આરોગ્ય વિભાગની ટીમ હરકતમાં આવી છે. અનેક વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અત્યાર સુધી ૧૨ હજાર ૩૦૫ ક્લોરી ટેબ્લેટનું વિતરણ કરાયું છે. પાણીજન્ય રોગચાળો અટકાવવા પાઈપલાઈનમાં ૭ લીકેજ રિપેર કરવવામાં આવ્યા છે. બીજી તરફ જામનગરના પણ રોગચાળો વકર્યો છે. જામનગરના જી.જી હોસ્પિટલમાં આવતા દર્દીઓમાં ખાસ તો તાવ, શરદી અને વાયરલ ઈન્ફેક્શનની ફરિયાદ વધુ જોવા મળે છે. ઓક્ટોબર માસની વાત કરીએ તો અત્યાર સુધીમાં ડેન્ગ્યુના કુલ ૨૫૦ કેસ સામે આવ્યા છે. રોજ ડેન્ગ્યુના ૨૫ થી ૩૦ કેસ નોંધાય છે. તો ૨૦૦ જેટલાં તાવના કેસ સામે આવે છે.

### CPR આપવા છતાં ન બચ્યો જીવ

## જીમની ટ્રેડમિલ પર કસરત કરતાં વેપારીને આવ્યો હાર્ટએટેક

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

ખરાબ જીવનશૈલી અને ખાનપાનને કારણે હાર્ટ એટેકની સમસ્યા સામાન્ય બની ગઈ છે. હાર્ટ એટેક ત્યારે આવે છે જ્યારે હૃદયને લોહીનો પુરવઠો ન મળતો હોય. રાજ્યમાં હાર્ટ એટેકથી વધુ એકનો જીવ ગયો છે. સુરત શહેરના કાપડના વેપારી જીમમાં ટ્રેડમિલ પર ચાલી રહ્યા હતા, ત્યારે અચાનક તેઓ ટ્રેડમિલ પરથી નીચે પડી ગયા હતા. જીમમાં હાજર અન્ય લોકો પણ તેને CPR આપવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ જિમમાં જ તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. હાર્ટ એટેકના સૌથી સામાન્ય અને જાણીતા લક્ષણોમાંનું એક છાતીમાં દુખાવો છે. હાર્ટ એટેક દરમિયાન, દુખાવો છાતીની મધ્યમાં શરૂ થાય છે અને પછી તે જુદા જુદા અવયવોમાં ફેલાય છે. જો કે, છાતીમાં દુખાવો એ હાર્ટ એટેકનું એકમાત્ર લક્ષણ નથી. ઘણી વખત એવું બને છે. કે હાર્ટ એટેક કોઈપણ લક્ષણો વગર પણ આવી શકે છે. એવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરત શહેરના ભટાર વિસ્તારમાં રહેતા કાપડના વેપારીને હાર્ટએટેક આવ્યો હોવાની ઘટના સીસીટીવી રૂમમાં કેદ થઈ હતી. દરરોજની જેમ કાપડના વેપારી દ્વારકાદાસ મારુ જીમ પહોંચ્યા અને ટ્રેડમિલ પર ચાલતાં ચાલતાં અચાનક તેમને ગભરામણ થઈ અને તેઓ ટ્રેડમિલથી ઢળી પડ્યા હતા. વેપારી બેભાન થતા જીમમાં હાજર લોકો ભેગા થયા હતા અને વેપારીને CPR આપી ભાનમાં લાવવાની કોશિશ કરી હતી. તેમને જોઈ જીમમાં તમામ લોકો દોડીને તેમની પાસે આવી ગયા. તેમને સતત સીપીઆર આપવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. જો કે, વેપારીને ભાન ન આવતા નજીકની હોસ્પિટલ લઈ જવાયા હતા. પરંતુ, તબીબે વેપારીને મૃત જાહેર કર્યા હતા. વેપારીને હાર્ટ એટેક આવ્યો હોવાથી તેનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું છે.

### બનાવ બાદ પોલીસે ગિરિરાજસિંહનું નિવેદન નોંધ્યું

## પદ્મિની બા અને તેના પતિ વચ્ચે બબાલ! ગિરિરાજસિંહને થઈ ઈજા

### સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા કઈ બાબતો ઉગ્ર બોલાચાલી થઈ તેને લઈને ચર્ચા થઈ રહી છે

। (એજન્સી) રાજકોટ, તા.૧૫ ।

ક્ષત્રિય સમાજના મહિલા અગ્રણી પદ્મિની બા તેમના પતિ ગિરિરાજસિંહ વાળા સાથે બબાલ કરી રહ્યા હોવાનો કથિત વીડિયો વાઈરલ થયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, પદ્મિની બા અને તેમના પુત્ર સત્યજીતસિંહે મળીને તેમના પતિ ગિરિરાજસિંહ વાળા પર પાઈપથી હુમલો કર્યો હતો. જેને લઈને પદ્મિની બા વાળા ફરી ચર્ચામાં આવ્યા છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા કઈ બાબતો ઉગ્ર બોલાચાલી થઈ તેને લઈને ચર્ચા થઈ રહી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, બબાલ દરમિયાન ગિરિરાજસિંહને ઈજા પહોંચી છે. જેને લઈને તેમને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ બાદ પોલીસે ગિરિરાજસિંહનું નિવેદન નોંધ્યું હતું. જોકે, આ અંગે પોલીસ દ્વારા કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. પોલીસે બંને પક્ષે સમાધાન થઈ જતાં મામલો થાળે પડ્યો હોવાની વાત કરી હતી. આ સાથે ઈજાગ્રસ્ત ગિરિરાજસિંહ પણ મોડીરાત્રે ટૂંકી સારવાર લઈ હોસ્પિટલમાંથી રજા લઈને નીકળી ગયા હતાં.

રાજકોટના રેલનગરમાં આવેલા રામેશ્વર પાર્ક-૫માં રહેતા ગિરિરાજસિંહ અનિરૂદ્ધસિંહ વાળા (ઉં.૪૭) ગઈકાલ રાત્રે ઘરે હતા. આ સમયે રાત્રે ૧ વાગ્યા આસપાસ તેમના પત્ની પદ્મિનીબા અને તેમના પુત્ર સત્યજીતસિંહ પાઈપ સાથે કારમાં ધસી આવ્યા હતા. કોઈ કારણોસર ઝઘડો કરી ગિરિરાજસિંહ પર પાઈપ વડે હુમલો કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ અગાઉ પણ પતિ સાથેનો વિવાદ સામે આવ્યો હતો. જેમાં અજાણી વ્યક્તિ સાથે પદ્મિની બા વાળાની વાતચીત કરતો ઓડિયો વાઈરલ થયો હતો. પદ્મિની બાના પતિ સાથેના વિવાદની ચર્ચાનો ઓડિયોમાં ઉલ્લેખ થયો હતો. જેમાં પદ્મિની બા વાળાના પારિવારિક ડખાની ચર્ચા થઈ હતી.ક્ષત્રિય અગ્રણી પદ્મિની બા વાળા ક્ષત્રિય આંદોલનની એ લડવૈયા છે જેમની લડત ન માત્ર રૂપાલા સામે, પરંતુ પોતાના જ સમાજના આગેવાનો સામે પણ છે. જ્યારથી રૂપાલાનું રાજપૂતો માટેનું ભડકાઉ નિવેદન સામે આવ્યું છે, ત્યારથી પદ્મિની બા વાળા સતત ચર્ચામાં રહે છે. ત્યારે હવે પદ્મિની બા વાળા ફરી ચર્ચામાં આવ્યા છે.

## સુરતથી ૧૦ યુવકોની ટીમમાં ભોમની રક્ષા કરતા સૈનિકો સાથે દિવાળી ઉજવશે

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

દેશના સૈનિકો માટે સુરતીઓ હર હંમેશા તત્પર રહેતા હોય છે. સૈનિકો પ્રત્યે સિવિલિયનની ફરજ સહિતની હૂંફની લાગણી દર્શાવવાનો મોકો સુરતીઓ ચૂકતા નથી. ત્યારે દિવાળીની ઉજવણી સૈનિકો સાથે કરવાના નેક વિચાર સાથે સુરતથી ૧૦ યુવકોની ટીમ મીઠાઈ, ચશ્મા અને ટોપી સહિતની વસ્તઓ લઈને નીકળ્યા છે. સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરતની ટીમ ભારત-પાકની કચ્છ બોર્ડર પર સૈનિકો સાથે દિવાળી મનાવશે. 'સુરત સે સરહદ તક' કાર્યક્રમ અંતર્ગત સંસ્થાની આ છઠ્ઠી ટૂર છે. સૈનિકોને દિવાળીનાં તહેવાર પર મીઠાઇ તેમજ ગિફ્ટ આપીને ઉજવવા સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરતની ટીમનાં ૧૦ સભ્યો ભારત પાક કચ્છ બોર્ડર પર જવા રવાના થયા હતા. જેને ઉતરાણ ખાતે આવેલી મહારાજા કૃષ્ણકુમારસિંહજી સ્કૂલ ખાતેથી શહેરનાં નાગરિકો દ્વારા ફ્લેગ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. સંસ્થાનાં પ્રમુખ ઘનશ્યામ બિરલાએ કહ્યું કે, અમારી ટીમ છેલા પાચ વર્ષ થયાં દરેક દિવાળીનાં તેહવારોની ઉજવણી વીર જવાનો સાથે કરે છે.

## ચોમાસામાં સારા વરસાદના પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૯૫ ટકાથી વધુ જળસંગ્રહ થયો

। (એજન્સી) અમદાવાદ,તા.૧૫ ।

ચોમાસામાં સારા વરસાદના પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૯૫ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જ્યારે, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૩,૩૦,૨૧૩ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૯૯ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૯૬.૭૫ ટકા જળસંગ્રહ થયો છે, તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજ્યના ૧૩૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ ભરાયા છે. જ્યારે ૪૬ જળાશયો ૭૦થી ૧૦૦ ટકા, ૧૩ જળાશયો ૫૦થી ૭૦ ટકા, ૦૪ જળાશયો ૨૫થી ૫૦ ટકા અને ૦૪ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. આ ઉપરાંત દક્ષિણ અને મધ્ય ગુજરાતના કુલ ૩૦ જળાશયો ૧૦૦ ટકા જેટલા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયો ૯૪.૪૦ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૮૨.૯૮ ટકા તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૭૪.૩૩ ટકા પાણીનો સંગ્રહ થયો છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે આ સમયે રાજ્યમાં ૨૦૭ જળાશયોમાં ૯૫.૬૮ ટકા જ્યારે, આ વર્ષે ગઈ કાલની સ્થિતિએ રાજ્યમાં ૯૬.૮૨ ટકા જળસંગ્રહ નોંધાયો હતો. આ ઉપરાંત રાજ્યના ઉકાઈ, ભાદર-૨, કડાણા, વણાકબોરી, ભાદર, ઓઝત-વિઅર (વંથલી), કરજણ, દમણગંગા, પાનમ, સસોઈ, રાણા ખીરસરા તેમજ ફોફલ-૧, ઓઝત-૨, માછણનાળા, છાપરવાડી-૨, આજી-૩, અને વર્તુ-૨ ડેમ ૧૦૦ ટકા જેટલા ભરાયા છે.

### આ માર્ગ પર મોટા પાયે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાતા હતા

## અમદાવાદમાં શાસ્ત્રી બ્રિજ શરૂ થતાં વાહનચાલકોને રાહત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડતો વિશાલાથી નારોલ તરફનો શાસ્ત્રી બ્રિજ છેલ્લા ઘણા માસથી રીપેરીંગના કારણે એક તરફના વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. જેના કારણે રોજબરોજ પસાર થતા વાહનચાલકોને હાલકી વેઠવાની વારી આવી છે. ત્યારે હવે રીપેરીંગની કામગીરી પૂર્ણ થતા જ બ્રિજનો અન્ય ભાગ પણ શરૂ કરી દેવામાં આવતા વાહનચાલકોએ હાશકારો ખાધો છે. બ્રિજ પર એક તરફનો વાહન વ્યવહાર બંધ કરવાના કારણે આ માર્ગ પર મોટા પાયે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાતા હતા. ત્યારે દિવાળી પહેલા જ બ્રિજનું કામ પૂર્ણ થઈ જતા વાહનચાલકોની મુશ્કેલીઓમાં ઘટાડો થયો હતો. એક તરફનું કામ પૂર્ણ કર્યા બાદ હવે બીજી તરફના બ્રિજના રીપેરીંગની કામગીરી કરવામાં આવશે.

## ૨૪ પૈસા માટે ગ્રાહક પંચમાં જનારાને ભરવો પડ્યો અનેકગણો દંડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

૨૪ પૈસા માટે કાનૂની લડાઈ લડવી ગ્રાહક માટે મોંઘી સાબિત થઈ. અને ગ્રાહક ફોરમે તેના પર ૨૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ગ્રાહક પંચે ન્યાયની મજાક ઉડાવતા અને સમય વેડફવા અંગે કડક ટીપ્પણી કરી હતી. આ કેસમાં દેત્રોજનો પ્રશાંત પટેલ ૧૦ જાન્યુઆરીએ પિઝા ખાવા ગયો હતો. આ મુજબ રેસ્ટોરન્ટે તેને ૬૬૫ રૂપિયાનું બિલ આપ્યું હતું. વાસ્તવિક બિલ ૬૬૪.૭૬ પૈસા હતું, પરંતુ રાઉન્ડ ઑફ સિસ્ટમ ૬૬૫ પૈસા હતી. તેમણે આ વધારાના ૨૪ પૈસા સામે વાંધો ઉઠાવ્યો હતો અને 'ઓવરચાર્જ'નો આક્ષેપ કર્યો હતો. રેસ્ટોરન્ટના સ્ટાફે આ બાબતે મેનેજમેન્ટનું ધ્યાન દોરવાની અને જો વધારે ચાર્જ લેવામાં આવે તો રિફંડ મોકલવાની જવાબદારી લીધી. જ્યારે રેસ્ટોરન્ટે ઓર્ડર મુજબ જવાબ આપ્યો ન હતો, ત્યારે તેણે ગાંધીનગર ગ્રાહક ફરિયાદ નિવારણ કમિશનમાં દાવો કર્યો હતો. રેસ્ટોરન્ટના માલિકે સખત દંડની માંગણી કરી, દલીલ કરી કે તેઓ રકમને 'રાઉન્ડિંગ ઓફ' કરવાના નામે ગ્રાહકો પાસેથી વધારે ચાર્જ કરી રહ્યા છે. રેસ્ટોરન્ટ મેનેજમેન્ટે પોતાનો બચાવ કરતા કહ્યું કે બિલ સતાવર માર્ગદર્શિકા મુજબ તૈયાર કરવામાં આવ્યું છે. અને બિલ બનાવવાનું સોફ્ટવેર પણ તે મુજબ બનાવવામાં આવ્યું છે. માત્ર ૨૦ પૈસાના વિવાદ પર કાનૂની દાવો દાખલ કરવાથી ગ્રાહક કમિશન પણ ગુસ્સે થયું હતું અને ટિપ્પણી કરી હતી કે ૨૪ પૈસાની વસૂલાતનો દાવો ન્યાયની અવાંછિત જિદ અને સમયનો બગાડ છે.